કિંમત ₹ ૫

માસિક

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૦૮ ● એપ્રિલ ૨૦૧૬

ફાગણ સુદ - ૩
શ્રી નરનારાયણ
દેવનો
૧૯૪મો
પાટોત્સવ
અને
શ્રી સ્વામિનારાયણ
મ્યુઝિયમનો
પાંચમો
વાર્ષિકોત્સવ



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧



# શ્રી નરનારાયણદેવનો ૧૯૪મો પાટોત્સવ મહોત્સવ





# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૯ ● અંક : ૧૦૮

એપ્રિલ-૨૦૧૬

(મૂળ વર્ષ ૪૮)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**
**Mo. : 9099098969**



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | બ્રહ્મમુનિનું જીવન વૃતાંત | ૬ |
| ૦૪. | અક્ષરધામનો ઉંબરો | ૯ |
| ૦૫. | શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ૨૦ મો વાર્ષિક પાટોત્સવ એવમ્ શ્રી ઘનશ્યામમહોત્સવની ઝલક | ૧૨ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૬ |
| ૦૭. | પ્રશ્ન પેટી | ૧૬ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૨૭ |
| ૦૯. | ભક્તિ સુધા | ૨૯ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૩૧ |

# અસ્મદીયમ્

સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને ગ.પ્ર.પ્ર. ૫૦ માં કલ્યાણ કેમ થાય તેની સરસ વાત કરી છે.

“કેટલાક તો વ્યવહારમાં અતિ ડાહ્યા હોય, તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહીં તથા કેટલાક શાસ્ત્ર પુરાણ અને ઈતિહાસના અર્થને સારી પેઠે જાણતા હોય તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહી. એને કુશાગ્ર બુદ્ધિવાળો ન જાણવા. એને તો જાડી બુદ્ધિવાળા જાણવા અને જે કલ્યાણને અર્થે જતન કરે છે તેની બુદ્ધિ થોડી છે તો પણ તે કુશાગ્ર બુદ્ધિવાળો છે. અને જે જગત વ્યવહારની કોરે સાવધાન થઈને મંડ્યો છે ને તેની બુદ્ધિ અતિ ઝીણી છે તો પણ તે જાડી બુદ્ધિવાળો છે. માટે જે કલ્યાણને અર્થે સાવધાન પણે વર્તે છે તે કુશાગ્ર બુદ્ધિવાળા છે. અને તે વિના તો સર્વે મૂર્ખ છે.

માટે વ્હાલા ભક્તો આપણે આપણું કલ્યાણ સાધવું હોય તો સર્વોપરિ ભગવાન શ્રીહરિને ભજી લેવા. આપણે જગતના વ્યવહારમાં રહીને પણ ભગવાનને ભજી લેવા. વિશેષને વિશેષ આપણા ઈષ્ટદેવનું ધ્યાન, ભજન, સ્મરણ અર્હનિશ કરતા રહેવું. તેમાંજ આપણું આલોક પરલોકનું સુખ સમાયેલું છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (માર્ચ-૨૦૧૬)

૧ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રી નરનારાયણદેવના પ્રસાદીના ઉંબરાને સુવર્ણજડિત કર્યો તેને પોતાના વરદ્ હસ્તે દર્શનાર્થે ખુલ્લો મૂક્યો.

૩ શ્રી સ્વામિનારાયણ મંદિર મહિસા (વાસણા) નૂતન મંદિરનું ખાત મુહૂર્ત પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.

૪ શ્રી સ્વામિનારાયણ મંદિર કુબડથલ દશાબ્દી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી.

૫ રાજકોટ ખાતે મૂળી દેશના હાલાર આદિ હરિભક્તો આયોજીત સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૬ શ્રી સ્વામિનારાયણ મંદિર દિયોદર (બનાસકાંઠા) નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધારમણી.

૭ બાવળા ગામે પ.ભ. ઘનશ્યામભાઈ મણીલાલ ઠક્કર આદિ હરિભક્તોને ત્યાં પધરામણી.

૯-૧૦ ભુજ (કચ્છ) પધરામણી.

૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૧૯૪ મો વાર્ષિક પાટોત્સવ મહોત્સવ પોતાના શુભ સાનિધ્યમાં ધામધૂમથી સંપન્ન થયો.

૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર આદિવાડા પધરામણી.

૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા પાટોત્સવ મહોત્સવ અને શહેર ચોર્યાસી પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરા પુનઃ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી

૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૬ શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર પાટોત્સવ પ્રસંગે પધારમણી.

૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર ટાંકીયા કથા પારાયણ પ્રસંગે પધરામણી.

૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર કથા પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૨-૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી કચ્છ રંગોત્સવ પ્રસંગે પધરામણી.

૨૪ થી ૫ એપ્રિલ ઓસ્ટ્રેલીયાના ધર્મપ્રવાસે પધરામણી.

# બ્રહ્મમુનિનું જીવન વૃતાંત

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



પ.પૂ.સ.ગુ. શ્રી બ્રહ્માનંદસ્વામી

સ્વામિનારાયણ ભગવાનના સખા સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીના પૂર્વાશ્રમના જીવન વૃત્તાંત વિષે આદરણીય કવિશ્રી માવદાનજી રત્નુએ બ્રહ્મસંહિતામાં લખેલા પ્રસંગો ઉપરાંત વિશેષ સવિસ્તાર માહિતી આજથી ૧૧૪ વર્ષ પહેલાં એટલે કે સંવત ૧૯૫૮ ફાગણ સુદ-પૂનમના રોજ પ્રકાશિત ''શ્રી બ્રહ્માનંદ કાવ્ય'' નામે વિશાળ ગ્રંથમાં જોવા મળેલ છે. શ્રી નરનારાયણદેવ ગાદીના તત્કાલીન આચાર્યપ્રવર પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજશ્રી અને વડતાલ ગાદીના આચાર્યપ્રવર પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી મહારાજશ્રીની સંયુક્ત આજ્ઞાથી છપાવીને પ્રસિદ્ધકર્તા રાવ સાહેબ કરમશીદાસજી (જે.પી.) તથા મોતીલાલ ત્રિભોવનદાસ ફોઝદાર (બી.એ.એલ.એલ.બી. સોલિસિટર) ગુજરાતી પ્રેસ મુંબઈથી છાપીને પ્રસિદ્ધ કરેલ છે. તેમાં સ્વામીનું જીવન વૃત્તાંત ઉપરાંત કુલ ૨૫૨૮ કીર્તનો અને દોહા, ચોપાઈ, છંદ વિગેરે રચનાઓના વિશાળ ૮૧૮ પેઈજમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રન્થ સંપ્રદાયમાં અપ્રાપ્ય છે. પરંતુ બ્રહ્માનંદ સ્વામીના માતુશ્રીનું મોસાળ ગામ મહેસાણા જીલ્લાનું દેવરાસણા ગામથી આદરણીય દાદાશ્રી મોજદાનજી પાયદાનજી ગઢવી પાસેથી મળ્યો. તેમાં સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીના પ્રસંગો જોયા. પછી અમને થયું કે સત્સંગમાં અપ્રાપ્ય સાહિત્ય સત્સંગીઓ સુધી પહોંચાડવા અમો સંક્ષેપમાં જણાવીએ છીએ. આ પ્રકાશનમાં સ્વામીના જીવનના પ્રસંગોની શોધખોળમાં પરિશ્રમ કરવામાં મદદ કરનારાઓના પ્રકાશકશ્રીએ સાદર આભાર વ્યક્ત કરતાં કેટલાક નામો દર્શાવ્યા છે. જેમાંના શાસ્ત્રી બ્રહ્મચારી બાળમુકુંદદાસજી વડતાલ, સદ્‌ગુરુ શ્રીહરિચરણદાસજી સ્વામી વડતાલ, મી. ઈશ્વરદાસ ઈચ્છારામ (બી.એ.), શાસ્ત્રી મુનેશ્વરાનંદજી વડતાલ, રા. ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ (ગુજરાતી પ્રેસના માલિક), રા. જેશંકરભાઈ મહાશંકરભાઈ રાવલ લખતર વિગેરેનો વિદ્યાવિલાશી તરીકે આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી પૂર્વાશ્રમમાં ચારણ હતા એવું કવિ ચરિત્રમાં લખેલું છે. પરંતુ તેમની બારોટ અટક જોતાં તેઓ ભાટ જ્ઞાતિના હોય એ વધારે સંભવિત વાત છે. પિતાનું નામ શંભુદાન ગઢવી ઓડઆશીયા કહેવાતા. માતાનું નામ લાલબાદેવી સદાચારી પતિપરાયણ હતાં. આ દંપતિને સાધુ સંત પર બહુજ ભાવ હતો, આબુ પર્વતની યાત્રાએ આવતા સંતો ખાણ ગામે અવશ્ય પધારતા. એકવાર શ્રીમદ્ ઉધ્ધવ સંપ્રદાયના સ્વામી રામાનંદજી પધાર્યા. શંભુદાનજી ગઢવીએ સ્વામીની સુંદર આદર સંભાવના કરી. ચોરામાં રાત્રે સત્સંગ સાંભળવા ગામના બધા લોકો બેસતા. એકવાર સ્વામી કૃષ્ણાવતારના ચરિત્રોનું વર્ણન કરતાં લાલુબાદેવીને ઝોકું આવતાં ઉદરસ્થ ગર્ભ બાળક બોલ્યો ''હે ગુરુદેવ ! પ્રગટ

પ્રભુ જે શ્રીહરિ તેમના મહિમાની વાતો કરો.'' અન્તર્યામી સ્વામીએ મંદ હાસ્ય વેરતા જવાબ આપ્યો કે, એ મહિમા તો આપ જ વર્ણવશો.

મર્મ ભરેલો વાર્તાલાપ બીજાને તો જાણવા જ ન મળ્યો.

લાલુબાના કૂખે સંવત ૧૮૨૮ મહાસુદ-પાંચમના દિવસે બહર્ષપતિના જેવો પુત્રનો જન્મ થયો. માતા-પિતાએ યથા યોગ્ય જાત સંસ્કાર કરીને તેમનું નામ લાડુદાન નામ રાખ્યું. બાળપણથી ઈશ્વર ભક્તિ તરફનો પોતાનો હૃદયનો વેગ પ્રદર્શિત કર્યો. થોડી ઉમ્મરે પહોંચ્યા પછી હાજર જવાબી, હાસ્ય રમૂજ પણું સહજ પ્રાકૃતિક દેખાવા લાગ્યા.

પંદર વર્ષની ઉંમરના થયા ત્યારે પિતાની સાથે ઉદયપુર રાણાના ઘરે લગ્નના પ્રસંગે વિશેષ આમંત્રણમાં જવાનું થયું હોવાથી રાણાના દરબારમાં જવાની તક મળી ત્યારે લાડુદાનજી અશિક્ષિત હોવા છતાં સ્વભાવિક તીવ્ર બુદ્ધિથી રચાયેલ કાવ્યોથી રાણા ખૂબજ પ્રભાવિત થયા અને ભુજની પિંગળ પાઠશાળામાં ભણવા મોકલો તો તેનો ખર્ચ અને એક પ્રગણું (પ્રદેશ) તમને બક્ષિશ આપીશ.

રાણાની બેવડી સખાવતથી પ્રેરાઈને શંભુદાનજીએ પુત્ર લાડુદાનને ભૂજમાં પિંગળનો અભ્યાસ કરવા મોકલ્યા. કવિએ પ્રથમ અભ્યાસનો આરંભ ધમડકા ગામમાં રહેતા લાધા રજપૂતને ત્યાં કર્યો હતો અને પછી ભૂજનગરની વ્રજની પાઠશાળામાં પ્રવેશ કર્યો હતો. ત્યાં આઠ વર્ષ સુધી તેમણે પિંગળી સહિત ચૌદ વિદ્યાઓમાં પારંગત બન્યા.

અભ્યાસ સંપૂર્ણ કરી રજવાડાઓમાં ફરવા પ્રયાણ કર્યું તો જોધપુર, જયપુર, બિકાનેર આદિ રાજ્યોમાંથી તેમજ જૂનાગઢ, જામનગર આદિ કાઠિયાવાડના રજવાડાઓમાંથી ભારે આદર માન સન્માન સત્કાર તથા શિરપાવો મેળવ્યા હતા. ભાવનગર સ્ટેટના રાજા વજેસિંહજીએ પણ બહુ મુલ્ય ઈનામ આપ્યું હતું. અને ત્યાંથી પાછા ફરીને કચ્છમાં ભૂજનગરમાં રાજના દરબાર તરફથી તેમને સારો સત્કાર મળ્યો.

આ વખતે એક પ્રસંગ જીવનનો અમૂલ્ય એવો બન્યો કે; ભૂજનગરમાં ભગવાન સ્વામિનારાયણ પધાર્યા હતા અને નગરમાં દરેકના મોઢે સ્વામિનારાયણ ભગવાનના પ્રભાવી ચમત્કારોની ચર્ચા ચાલી રહી હતી તો મળવા દર્શન કરવાના બહાને કવિરાજ લાડુદાનજી સુંદરજી સુથારના ઘરે આવ્યા. શ્રી સહજાનંદ સ્વામી પોતાના આશ્રિત જનોની મધ્યમાં એક ઉંચા આસન ઉપર સર્વે શ્વેત વસ્ત્રો ધારણ કરીને બિરાજમાન હતા. આ અતિશય આનંદમય અને પ્રફુલ્લિત મૂર્તિને લાડુદાન થોડી વાર તો એકીટસે જોઈ રહ્યા. તેથી કવિની આંખમાં આંસુ વહેલા લાગ્યા. જે મૂર્તિ માતાના ઉદરમાં અને આજસુધી પોતાને જે પ્રત્યક્ષ દેખાતી હતી તે જ સ્વામિનારાયણ ભગવાન પ્રત્યક્ષ પ્રગટ આ મૂર્તિમાન છે એવો પોતાના હૃદયમાં દૃઢ નિશ્ચય થવાથી તેઓ અતિ આનંદમાં આવી ગયા અને ત્યાંજ પદ રચીને બોલ્યા જે ''આજની ઘડી રે ધન્ય આજની ઘડી, આ પદ ગાતા ગાતા તો ગઢવીના હર્ષની અવધિ રહી નહિ. પછી ષોડશોપચાર વડે શ્રીહરિનું પૂજન કર્યું.

લાડુદાન થોડા દિવસ ભૂજનગરમાં શ્રીહરિની સાથે રહ્યા અને નિત્ય વિવિધ રચનાઓ સંભળાવતા. શ્રીહરિ કવિને ભારે ભારે બહુમૂલ્ય વસ્ત્રો આપી સન્માનિત કરતા. કવિરાજની ભૂતકાળની વાતો તાજી કરાવીને ભગવાનપણાનો નિશ્ચય દૃઢ કરાવતા થકા પ્રભુને અન્તર્યામી જાણી લીધા.

પછી લાડુદાનજી ભુજનગરથી પોતાની જન્મભૂમિ ખાણગામ પધાર્યા અને પોતાના સ્વજનો થકી પ્રેમ સહિત માન સન્માન પામ્યા. વળી કેટલોક સમય ઘરે રહ્યા બાદ દેશ દેશાન્તરમાં નાના-મોટા રાજાઓના રાજ્યોમાં ફરતા ફરતા શેત્રુંજ્ય થઈ પાલીતાણા આવ્યા. ત્યાંના રાજાએ મૂલ્યવાન પોશાક-આભૂષણો આપી સન્માનિત કર્યા. ત્યાંથી ગઢપુર આવ્યાં. ત્યાં બિરાજમાન સ્વામિનારાયણ ભગવાનના દર્શને પધાર્યા. આ વખતે ગઢવી સાથે ઘોડા રથનો ચાકરોનો બહુ મોટો રસાલો સાથે હતો. શરીર પર સુવર્ણના ભારે ભારે વજનવાળાં ઘરેણાં પહેર્યા હતા. લીંબતરુ નીચે બિરાજમાન શ્રીહરિને ફરી બીજી વાર મળતા ભુજનગરમાં દર્શનની યાદ કરાવતાં કુશળતા પૂછી. આદર સત્કાર કર્યો. ત્યારબાદ કેટલીક વાતો કર્યા પછી કહ્યું કે, કવિરાજ ! આ સાંખ્યયોગી બહેનો છે તેમની

આગળ ભગવાનની વાતો કરો. આ વચન સાંભળી ગઢવી બાઈઓની સભામાં ગયા અને જ્ઞાન સંબંધી અનેક ઉપદેશની વાતો કરવા લાગ્યા. આ સાંભળીને સભામાં બિરાજી રહેલાં મોટીબા (લલિતા) એ ગઢવી આગળ સાંખ્યજ્ઞાનની અને પ્રગટ પુરુષોત્તમના મહિમાની વાતો એવી છટાથી કીધી કે ગઢવીને તો શાંતપણે સાંભળતાં સાંભળતાં પોતાની રજોગુણી પ્રકૃતિનું શમન થઈ ગયું. બહેનોને વંદન કરી શ્રીહરિ પાસે આવ્યા અને ઉદ્ધવજીનાં સમાન પોતાની સ્થિતિ થઈ એવું જણાવી શરીરપરથી સુવર્ણના અલંકાર પ્રભુનાં ચરણમાં મુકી દીધાં. બાઈઓ પાસેથી શિક્ષા લીધા પછી સાથે આવેલા સગાઓને કહ્યું કે આ ભેટ સોગાંદ લઈને તમો બધા ઘેર પરત જતા રહો હું હવે સદાય શ્રીહરિની સેવામાં રહીશ.સગાઓની વિદાય બાદ શુધ્ધ સાત્વિક સાદુ સાધુ જીવન જીવતા કવિરાજ શ્રીહરિની સાથે વિચરણ કરવા લાગ્યા.

દેશદેશાન્તરમાં ફરતા ફરતા સિધ્ધપુર તરફ જતાં દંઢાવ્યપ્રદેશ ઉતર ગુજરાતમાં ગેરિતા ગામે સંવત ૧૮૬૧ ની સાલમાં શ્રીહરિએ લાડુદાન ગઢવીનો વૈરાગ્ય પરિપક્વને પામતાં મહાદીક્ષા આપી સાધુ કરી શ્રી રંગદાસજી નામ રાખ્યું. ગેરિતા ગામ ખૂબજ ધન્ય બન્યું. જ્યાં સંપ્રદાયના બહુજ મોટા સંતને દીક્ષા આપવાનું સ્થળ પસંદગીને પામ્યું. જે સ્વામીના જીવનનો મહત્વનો ઈતિહાસ ઉત્તર ગુજરાતના ગેરિતા ગામે સુવર્ણના અક્ષરે લખાયો.

કેટલાક સમયબાદ સોરઠમાં વિચરણ કરતાં કાલવાણી પધાર્યા હતા. શ્રીરંગદાસજી સદાય મહાપ્રભુની સાથે રહેતા હતા. એ સમયે વૈરાગી વેષધારી જમાતો તરફથી સાધુઓને અતિશય માર મારવામાં આવતો હતો તેમજ તેમની પૂજા સામગ્રીને લઈને તોડી નાખતા હતા. તેથી શ્રીજીમહારાજે પોતાના સાધુઓને પરમહંસની દીક્ષા આપી જટાકૌપીનાદિકનો ત્યાગ કરાવ્યો અને નામ ફેરવીને નંદ પંક્તિ નંદાન્ત પાંચસો સંતોને એવા નામો ધરાવ્યાં તો તે વખતે શ્રીરંગદાસજીનું નામ ફેરવીને બ્રહ્માનંદ નામ રાખ્યું.

લાડુદાનના સગાઓ ઘેર પરત ગયા બાદ ત્યાં એક કન્યા સાથે વેવિશાળ નક્કી કરીને તેમના સંબંધીઓ બોલાવવા આવ્યા. તેઓએ સ્વામીને બહુજ સમજાવ્યા છતાં પોતાના વિચારમાં અડગ રહ્યાં. જરાય ચલાયમાન ન થયા. ત્યારે સ્વામીએ ‘‘રે સગપણ હરિવરનું સાચું.’’ એ કીર્તન ગાયું. તે સાંભળીને સંબંધીઓ ઘેર પરત ગયા.

વળી કેટલાક દિવસ પછી સ્વામીના સગાઓએ વડોદરા સયાજીરાવ ગાયકવાડજીને વિનંતી કરી કે, અમારા પુત્રને પાછો અપાવો. ગાયકવાડ સાહેબ ‘‘દામ’’ નીતિ વડે પાછા લાવવા પચીસ હજારની ઉપજનું ગામ અને રાજકવિ પદ આપવાની ઓફર લાલચ લખીને મોકલી તો જવાબમાં કહ્યું કે ‘‘ગાયોજશગોવિંદ કો પાયો ધન ભરપૂર.’’

ત્યાર પછી સમયે સમયે કરેલી રચનાઓ સંપ્રદાયમાં ખૂબજ પ્રસિદ્ધ છે. પરંતુ ઉપરોક્ત જીવન વૃત્તાંત ખૂબજ રસપ્રદ તથા અપ્રાપ્ય હોવાથી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. બન્ને દેશના આચાર્ય મહારાજશ્રી અને વડતાલના બ્રહ્મચારી અને સંતો-હરિભક્તોના નામ સહિત છપાયેલ ગ્રન્થ છે. તેમાં જીવન કવચ સંગ્રહિત છે. કુલ રચનાઓ ત્રણ હજાર પાંચસો જેટલી છે. તેમાં કીર્તનો, દોહા, છપ્પય, સાખીઓનો સમાવેશ થાય છે. તેનું આગામી સમયમાં પુનઃ પ્રકાશન કરવામાં આવશે.


**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

www.swaminarayan.info

www.swaminarayan.in

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૦૦ ● શયન આરતી ૨૦-૩૦

# અક્ષરધામનો ઉંબરો

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

ભગવાન શ્રી સ્વામિનારાયણે સમસ્ત મુમુક્ષુ જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વી ઉપર મનુષ્યદેહ ધારણ કર્યો અને મૂર્તિઓ, સત્‌શાસ્ત્રો અને ધર્મવંશી આચાર્ય મારફતે આ લોકમાં પ્રત્યક્ષપણે વિચરવાનું વરદાન આપ્યું. આજે પણ શ્રીજી મહારાજ આ ત્રણેય સ્વરૂપે સત્સંગમાં પ્રત્યક્ષપણે વિચરે છે. શ્રીહરિએ પોતે અતિ વૈરાગ્યવાન હોવા છતાં પણ ત્યાગનો પક્ષ મોળો કરીને પણ ઉપાસનાને અર્થે દિવ્ય મંદિરોની રચના કરી અને તેમાં સ્વયં પોતે, મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરી. સંપ્રદાયનું સૌ પ્રથમ મંદિર એટલે અમદાવાદમાં શ્રી નરનારાયણદેવનું મંદિર. ભગવાન શ્રીહરિ અને સંત હરિભક્તોના પ્રસ્વેદ બિંદુઓથી તૈયાર થયેલ આ મંદિરમાં સાક્ષાત્ શ્રી નરનારાયણદેવનો અખંડ નિવાસ છે. સ.ગુ.શ્રી નિષ્કુળાનંદ સ્વામી ભ.ચિ.પ્ર. ૮૯ માં નોંધે છે કે,

હરિ મંદિર સારુ હંમેશ, લેવો એકેકુ પથરો શીષ,।<br>
આજ અમે પણ લેશું, વાસુદેવની ભક્તિ કરીશું॥<br>
પછી સોનેરી પાઘને માથે, લીધો છે એક પથરો નાથે।

આ મંદિરનાં બાંધકામમાં વપરાયેલો દરેક પથ્થર આગવી વિશેષતા ધરાવે છે. કારણ કે તેને સાક્ષાત્ શ્રીજીનો સબંધ છે. મંદિરમાં રાધાકૃષ્ણ દેવની સામે જે સ્તંભ છે તેનો પણ વિશેષ ઈતિહાસ - માહાત્મ્ય છે. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધરાવેલ બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજ આજે પણ તે મૂર્તિના યજમાનશ્રીના કુટુંબ પરિવારમાં જ્યારે જ્યારે કોઈ ધામમાં જાય છે ત્યારે અચૂકપણે તેને અંતકાળે દર્શન દઈને અક્ષરધામમાં તેડી જાય છે. સાધુ આશ્રમમાં મોટા ઘનશ્યામ મહારાજની અલૌકિક મૂર્તિનું અનેરું માહાત્મ્ય અને ઈતિહાસ છે. આ મંદિરનો સભામંડપ પણ કલાકૃતિનો ભવ્ય વારસો છે. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીનું પ્રસાદીભૂત નિવાસ સ્થાન અને બાઈઓના મંદિરની હવેલી કાષ્ટકલાનો બેનમૂન વૈભવ છે.

અમદાવાદ-શ્રીનગર એ કિલ્લાની અંદર વસેલું શહેર છે. આ નગરનો દરવાજો વટાવો પછી મંદિર આવે, મંદિરના દરવાજાની અંદર દેવનું ડેરું આવે, ડેરાના દરવાજાની અંદર ગર્ભગૃહ આવે અને આ ગર્ભગૃહના દરવાજાની અંદર દેવનો સાક્ષાત્ નિવાસ આવે. તમે આ ગર્ભગૃહના દરવાજા પાસે આવો અને તેના ઉંબરા નજીક આવો એટલે દેવની સામિપ્યમાં આવો. હવે તમારાથી દેવ



અણુંમાત્ર છેટા નથી. આજે આ લઘુલેખમાં દેવના આ ઉંબરાના માહાત્મ્યની વાત કરવી છે.

સ.જી.પ્ર. ૪ અ. ૨૫ માં સ.ગુ. શ્રી શતાનંદ મુનિ લખે છે કે, શ્રીહરિએ જણાવ્યું કે આવું રમણીય મંદિર તો શ્રી નારાયણનો જ સાક્ષાત્ સંકલ્પ છે. **વચનામૃતમાં પણ શ્રીહરિ જણાવે છે કે, અમે અમારું સ્વરૂપ જાણીને જ આ નરનારાયણદેવ પધરાવ્યા છે.** આ શ્રી નરનારાયણદેવના મંદિરમાં શ્રી નર અને શ્રી નારાયણ એમ બે મૂર્તિઓ છે. પણ સિંહાસન બંનેનું એક જ છે, કારણ કે તે શ્રીજીનું જ એક માત્ર સ્વરૂપ છે જ્યારે આ સિંહાસન બનાવવાનું હતું ત્યારે સ્વયં શ્રીહરિએ પત્ર લખાવડાવેલો તે અસલ પત્ર આજે પણ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં તેની મૂળ સ્થિતિમાં જ સચવાયેલ છે અને સૌ હરિભક્તોના દર્શનાર્થે ત્યાં રાખેલ છે.

આ દેવની પ્રતિષ્ઠા કર્યા પછી શ્રીહરિએ દેવની મહાઆરતી સ્વયં ઉતારી અને પછી બે ઘડી સુધી દેવના દર્શન અર્થે નિર્નિમેષ દૃષ્ટિથી જોતા થકા સ્થિર ઉભા રહ્યા અને તે સમયે બંને મૂર્તિઓનું અત્યંત તેજ જોઈને સર્વે ખૂબ આશ્ચર્ય પામ્યા. (શ્લો. ૬૩ અને ૬૪). જેમ સારંગપુરમાં હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા વખતે સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ તેમની લાકડી ઉપર પોતાની દાઢી ટેકવીને નિર્નિમેષ દૃષ્ટિથી હનુમાનજીના દર્શન કરી તેમાં પોતાની યોગશક્તિથી દેવનું આહ્‌વાન કર્યું તે આજે પણ એ દેવ પ્રત્યક્ષપણે ત્યાં હાજર છે. જ્યારે અહીં તો સાક્ષાત્ ભગવાને પોતે આ દેવમાં પોતાનું દેવત્વ આરોપણ કર્યું છે તેથી પ્રલયકાળ સુધી આ દેવ સાક્ષાત્‌પણે અહીં બિરાજમાન છે. આ દેવને સ્વયં શ્રીહરિએ દંડવત્ પ્રણામ કરેલા છે.

ત્યારબાદ દેવના સિંહાસન સામેના ઉંબરા ઉપર બેસીને શ્રીહરિ બોલ્યા કે, હે જનો ! આ શ્રી નરનારાયણદેવની પ્રેમપૂર્વક સેવા કરવાથી મનુષ્યોનું સર્વ કરતાં અધિક કલ્યાણ થશે. જે જનો દરરોજ નિયમપૂર્વક દર્શન કરશે તે જનો ઈચ્છિત ભક્તિ અને મુક્તિ પામશે તેમાં સંશય નથી. શ્રી નરનારાયણદેવની શ્રધ્ધાપૂર્વક સેવા કરવાથી પુત્રાર્થી પુત્ર, ધનાર્થી ધન, વિદ્યાર્થી વિદ્યા અને કામાર્થી કામને નિશ્ચે જ પામશે. આ શ્રી નરનારાયણના આરાધનથી સર્વે ઈચ્છાઓ પરિપૂર્ણ થશે. અને નિષ્કામ પુરુષો શ્રી નરનારાયણની સેવાથી ભવસાગરને તરી બ્રહ્મપુર ધામને પામશે. અહીં જે જનો શ્રીમદ્ ભાગવતાદિ સત્‌શાસ્ત્રો અથવા ગાયત્રીનું પુરશ્ચરણ કરશે તે જનોના સર્વે મનોરથો જલદીથી સિધ્ધ થશે. તે નિશ્ચિત વાત છે. તે જનોને આ લોક કે પરલોકમાં કશું જ ન્યૂન નહિ રહે. **આમ આ ઉંબરા ઉપરથી જ શ્રીહરિએ આશીર્વાદનો અભિષેક કરેલો છે, હરિભક્તોના મનોરથો પૂર્ણ કરવાનું વચન આપેલું છે.**

આ અભયવચનો ભગવાન શ્રીહરિએ સ્વંય આપેલા છે. અને ગર્ભગૃહનો દેવ સમક્ષનો આ ઉંબરો તેનો સાક્ષી છે. દેવ પ્રતિષ્ઠા પછીની મહાઆરતી સ્વંય શ્રીજીએ ઉતારી તે વખતે જે ઘંટનાદ થયો અને ડંકા વાગ્યા તેનો સાંભળનાર આ ઉંબરો છે. ત્યાં દેવનો સાક્ષાત્ આર્વિભાવ થયો તેથી તે ડંકા નિશાનનો નાદ થયો. તે દિવસથી આજ દિન સુધી વિશ્વમાં આ દેવના ડંકાનો ધ્વનિ પ્રસાર પામ્યો છે અને દિન દિન પ્રત્યે તે વૃદ્ધિને પામે છે. આ ઉંબરો લૌકિક દૃષ્ટિએ તો પથ્થર છે પણ ખરેખર તો તે સજીવ મુક્ત જેવો છે. આ દેશમાં તો હિમાલય, ગોવર્ધન, ગિરનાર જેવા પર્વતો પણ પૂજાય છે. કારણ કે તેમાં પરમતત્વનો વાસ છે. ગંગા-યમુના-સરયુ-નર્મદા-ઘેલા જેવી નદીઓ પણ પૂજાય છે, છપૈયાનું નારાયણ સરોવર, માનસરોવર, ગોમતીજી જેવા જળતીર્થો પણ પૂજાય છે. તુલસી પીપળો જેવા વૃક્ષો પણ પૂજાય છે, ગાય-ગરૂડ આદિક પશુ પક્ષીઓ પણ પૂજાય છે તે આ દેશની સંસ્કૃતિ છે. આ ઉંબરાને તો સાક્ષાત્ અક્ષરધામાધિપતિનો સ્પર્શ છે, સદા પ્રત્યક્ષ દેવની સમક્ષ જ રહેવાનું સૌભાગ્ય છે તેથી જ તો આ નિર્જીવ પથ્થર નહિ પણ સાક્ષાત્ અક્ષરમુક્ત છે. જે ખાણ અથવા પર્વતમાંથી આ ઉંબરાનો પથ્થર મળ્યો હશે તેનું પણ નિશ્ચે કલ્યાણ થશે. તેવો આ દેવનો પ્રતાપ છે.

**આ ઉંબરાની અંદર તો કાળની પણ ગતિ નથી.** જેમ ભૂજમાં જ્યારે વિનાશક ભૂકંપ આવેલો ત્યારે મંદિરના પરિસરને પણ બહારથી થોડું નુકશાન થયેલું કારણ કે ત્યારે કાળની પ્રધાનતા હતી. પરંતુ તે વખતે પણ ગર્ભગૃહમાં બિરાજમાન દેવોને ઉની આંચ પણ આવેલી

નહિ. **આ ઉંબરાની અંદરની બાજુએ જ અક્ષરધામ છે. આ ઉંબરો ગર્ભગૃહનો ઉંબરો નથી પણ તે અક્ષરધામનો ઉંબરો છે.** આજ ઉંબરા ઉપર બેસીને સ.ગુ. શ્રી વાસુદેવાનંદ વર્ણી જેવા પ્રકાંડ પંડિતોએ આ દેવની અદ્‌ભૂત સ્તુતિઓ રચી છે - ગાઈ છે. સર્વજ્ઞાનંદ જેવા કુશળ વહીવટકર્તા સંતોએ અહીંથી જ દેવ પાસેથી પ્રેરણા લીધી છે, સ.ગુ. બ્રહ્માનંદ જેવા સમર્થ સંતો અને અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી જેવા અક્ષરમુક્તોએ આ જ ઉંબરા ઉપર પોતાના મસ્તક નમાવેલાં છે. આ ઉંબરાની મહત્તા તો જુઓ કે, આવા સમર્થો પણ જેની ઉપર મસ્તક નમાવે, તે પોતે તો દેવના ચરણની નીચે જ રહેવાનું પસંદ કરે છે !! આ અતિ ઉચ્ચ સમજણ તો આ ઉંબરામાં પણ છે.

**જેણે જેણે આ ઉંબરા ઉપર પોતાનું મસ્તક નમાવ્યું છે તેનું મસ્તક આ લોકમાં હંમેશા ગર્વથી ઉન્નત જ રહેશે.** તેવો તેનો પ્રતાપ છે. આજે પણ અનેક વખત અનેક પ્રસંગે હરિભકતોને મદદ કરવા સારુ શ્રી નરનારાયણદેવ પોતાના સિંહાસન ઉપરથી ઉતરીને હરિભક્તોને મદદ કરવા સારુ હાજર થાય છે ત્યારે તેઓશ્રી પણ આ જ ઉંબરા ઉપર પોતાના ચરણ મુકીને બહાર આવે છે ! આવા ભાગ્યશાળી આ ઉંબરાનો સ્પર્શ આપણને થાય છે તે ખૂબ મોટા ભાગ્ય વગર શક્ય બને નહિ. આ એક જ સ્થાન એવું છે કે, જે જનો દેવની બાધા રાખે છે તે તો પરિપૂર્ણ થાય છે જ પરંતુ આ ઉંબરાની બાધાથી પણ કામનાની પરિપૂર્ણર્તિ થાય છે ! એક વખત આ ઉંબરા ઉપર મસ્તક મૂકીને દેવને ગદ્‌ગદ્ હૃદયથી પ્રાર્થના કરીને વિનવણી કરવા માત્રથી જ દેવના પ્રત્યક્ષપણાની અહીં અનુભૂતિ થાય છે.

આ ઉંબરાને તો બાઈઓનો સ્પર્શ પણ નથી તેથી જ તો એ મૂળજી બ્રહ્મચારીની સમાન છે ! અને તેથી જ તો એ અખંડ બ્રહ્મચર્યવ્રત ધારણ કરનાર શ્રી નરનારાયણદેવની અખંડ સેવામાં આટલા બધા વર્ષોથી છે. આ ઉંબરાનો સ્પર્શ કરતાં જ અજબ સ્પંદનો અનુભવાય છે. દેવ પ્રતિષ્ઠા વખતે **શ્રીહરિનું અપાર તેજ નિહાળનાર આ ઉંબરો છે. અક્ષરધામના તેજના લિસોટા આ ઉંબરા ઉપર પડ્યા છે તેથી જ તો તેનો અપરિમિત પ્રતાપ છે.** આ ઉંબરા ઉપર મૂળ-અસલ કમાડ (દરવાજા) આજે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સુંદર રીતે સચવાયા છે. દેવનો આ ઉંબરો મંદિરમાં અને મ્યુઝિયમમાંના કમાડ બેયના દર્શન કરીએ તો દેવની પ્રાપ્તિ થાય. આ મંદિર ઉપરથી ઉડનારું પક્ષી પણ કલ્યાણને પામે છે દેવનો સ્પર્શ કરીને આ ઉંબરા ઉપર થઈને આવતી હવા આપણા શરીરને જ નહિ પણ આપણા જીવને પણ પવિત્ર કરે છે. આવી પવિત્ર હવાના અખંડ સાનિધ્યને પામનાર આ ઉંબરાનું માહાત્મય કેટલું બધું હશે તે વિચારવું. આ ઉંબરાના સ્પર્શ માત્રથી જ સમગ્ર પાપકર્મોનું પ્રજજવલન થાય છે. જાગતા દેવના આ ચમત્કારિક ઉંબરાનો મહિમા સર્વે હરિભક્તોને સમજાય તો ઘણું રૂડું થાય.

આવા મહામુક્ત જેવા ઉંબરાને ચિરકાળ સુધી સાચવવા માટે પ.પૂ.ધ.ધુ. શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ખૂબ દીર્ઘદષ્ટિથી વિચારણા કર્યા બાદ તેને સુવર્ણથી મઢી દેવા મંગલકારી આજ્ઞા કરી. જેમ શ્રીજી મહારાજના સાનિધ્યને પામેલ ગઢડાનો લીંબતરૂ તાજેતરમાં કાળે કરીને નાશ પામ્યો ત્યારે આજની પેઢી તેના દર્શનથી વંચિત રહી ગઈ. ગ.મ. ૧ અને ૩૩ માં વચનામૃતમાં શ્રીહરિ જણાવે છે કે નરમ દોરડી વડે પણ કૂવાના કઠિન પથ્થર ઉપર લાંબે ગાળે કાપા પડી જાય છે. તેવી જ રીતે આ મહાપ્રસાદીના ઉંબરાને પણ હરિભક્તોના સ્પર્શથી ઘસારો લાગે છે. તેથી આ ઉંબરાના રક્ષણને સારુ, તેના દીર્ઘાયુષને સારુ, ભવિષ્યની પેઢીઓના દર્શનને સારુ, આ વિચક્ષણ મહાપુરુષે તેને સુવર્ણકવચ પહેરાવવાનું નક્કી કર્યું. તેઓશ્રીએ ગંભીર સાદે જણાવ્યું કે, સુવર્ણકવચથી આ ઉંબરાની મહત્તા વધતી નથી પણ આ સોનાની રજકણોને આ ઉંબરા ઉપર બેસવા મળ્યું તેથી તે સોનું પણ ધન્યતા અનુભવે છે. આ લોકમાં સોનું એ કિંમતી ધાતુ ગણાય છે. તેથી આ મહાપ્રભાવશાળી ઉંબરાના ચરણોમાં તે સમર્પણ કરી તેનું કવચ બનાવ્યું છે.

સર્વે હરિભક્તો ખૂબ ભાવ સહિત મહિમાપૂર્વક દેવના દર્શન કરીને આ ઉંબરા ઉપર મસ્તક નમાવજો પછી ફરીને તમારું મસ્તક અન્ય ક્યાંય નમશે નહિ. **આ મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવનો જ આપણને દૃઢ આશરો છે. તેનો સાક્ષી આ ઉંબરાને બનાવજો.**

# શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ૨૦ મો વાર્ષિક પાટોત્સવ એવમ્ શ્રી ઘનશ્યામ મહોત્સવની ઝલક

- શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી (મહંત સ્વામી વડનગર)

સર્વાવતારી ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાતમાં વંશજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞા આશીર્વાદથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પૂ. લક્ષ્મીસ્વરૂપા પૂજ્ય ગાદીવાળાશ્રી તથા પૂજ્ય મોટા ગાદીવાળાશ્રીના સંપૂર્ણ રાજીપા સહ શ્રીજી મહારાજ સમકાલીન મહાસમર્થ અમદાવાદ મંદિરના સૌ પ્રથમ મહંત સ.ગુ. સર્વજ્ઞાનંદ સ્વામીના શિષ્ય પરંપરાના સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી (મારવાડી)ના શિષ્ય સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી (કાઠિયાવાડી) તથા સ.ગુ. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી (કાકા સ્વામી)ના શિષ્ય સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી દ્વારા નારાયણઘાટ મંદિરમાં જરૂરિયાતની સુવિધા નિજ મંદિરની પ્રદક્ષિણા, શ્રી હનુમાનજી, ગણપતિજીના નવનિર્માણ મંદિર, શ્રી મહાદેવજીના મંદિરનો સંપૂર્ણ જીર્ણોધ્ધાર, નંદ સંતોની છત્રીઓ, રિવર ફ્રન્ટ દિવાલ તેમજ દરવાજાનું દેદિપ્યમાન જીર્ણોધ્ધારિત કાર્ય બંસીપુરના લાલ પથ્થરો તેમજ ગ્રેનાઈટ અને માર્બલથી સુશોભિત કરી અદ્વિતીય અને અજોડ કાર્ય કર્યુ. અગાઉ ૨૦ વર્ષ પહેલા અમદાવાદ મંદિરના કાર્ય કુશળ સંત અ.નિ. ગવૈયા સ્વામી કેશવજીવનદાસજીએ આ મંદિર જાતે દેખરેખ નીચે તૈયાર કરાવી શ્રી ધર્મ-ભક્તિ હરિકૃષ્ણ મહારાજ અને શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિઓ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે પધરાવી મોક્ષના સદાવ્રતરૂપી આ મંદિર ખુલ્લું મુકાયેલ, જેમાં જરૂરી સુવિધાઓ સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજીએ અથાગ પરિશ્રમ દ્વારા સુસજ્જ કરી તેની ફલશ્રુતિ સ્વરૂપે સમગ્ર ધર્મકુળના અંતઃકરણના રાજીપાથી સં. ૨૦૭૨ ના મહાવદ-૧ તા. ૨૪-૨-૨૦૧૬ બુધવારથી મહા વદ-૫ તા. ૨૮-૨-૨૦૧૬ રવિવાર સુધી ''શ્રી ઘનશ્યામ મહોત્સવ'' ધામધૂમથી ઉજવાયો. જેમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ કથા પારાયણ ત્રિદિવસીય હરિયાગ, શ્રી હનુમાનજી, શ્રી ગણપતિજીની મૂર્તિ પ્રતિષ્ઠા, શ્રી ઠાકોરજીની નગરયાત્રા, જીર્ણોધ્ધારીત મંદિરનું ઉદ્‌ઘાટન, શ્રી હરિની મહા આરતી, ધર્મકુળ પૂજન, પોથીયાત્રા, શ્રીહરિનો મહાભિષેક, અન્નકૂટ દર્શન, સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન, શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, મેડીકલ કેમ્પ, રક્તદાન કેમ્પ, મહિલા શિબિર, સંતવાણી તેમજ રાત્રિના અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોનું મંગલ આયોજન નારાયણઘાટ મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા ગાંધીનગર સેકટર-૨ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના આયોજન અને માર્ગદર્શન મુજબ તેમના શિષ્ય સુપ્રસિદ્ધ કથાકાર સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર) તથા કોઠારી સ્વામી સ.ગુ. બાલસ્વરૂપદાસજી (નારાયણઘાટ)ની અથાગ મહેનત અને કોઠા સૂઝ મુજબ શ્રી ઘનશ્યામ મહોત્સવની તડામાર તૈયારીઓ શરૂ કરી. જેમાં અમદાવાદ મંદિરના વિદ્વાન અને વહીવટ કુશળ સંત શીરોમણિ મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણા ભળી જેથી શ્રી ઘનશ્યામ મહોત્સવ શાનદાર રીતે ઉજવાય તે હેતુથી હજારો ભાવિક ભક્તજનોએ તન, મન અને ધનથી સહકાર આપી આ ભગીરથ ભવ્ય મહોત્સવને જીવનનું અણમોલ સંભારણું બનાવવા સેવાનો લાભ પ્રાપ્ત કર્યો.

આ અલૌકિક શ્રી ઘનશ્યામ મહોત્સવ તા. ૨૪-૨-૨૦૧૬ ને બુધવારે પ્રારંભ થયો ત્યારે સૌ પ્રથમ શ્રીમદ્ સત્સંગિભૂષણ ધર્મશાસ્ત્રની પોથીયાત્રા સવારે ૮-૦૦ કલાકે કથાના મુખ્ય યજમાન પ.ભ. ડાહ્યાભાઈ નારાયણભાઈ પટેલ તથા તેમના ધર્મપત્ની અ.સૌ. વિમળાબેન ડાહ્યાભાઈ પટેલ (માણસાવાળા)ના નિવાસ સ્થાન શિલાલેખમાંથી પૂજન અર્ચન આરતી કર્યા બાદ શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સાથે તેમજ એકસો (૧૦૦) જેટલા સંતોના પૂજન પુષ્પમાલા યજમાનશ્રીએ કર્યા બાદ વાજિંત્રોના ધ્વનિ 'શ્રી નરનારાયણદેવ, શ્રી સ્વામિનારાયણ ભગવાનની જયનાદ સાથે પ્રસ્થાન થઈ ત્યારે સર્વત્ર ભક્તિસભર વાતાવરણ મહેંકી ઉઠ્યું હતું. પોથીયાત્રા વાજતે ગાજતે રિવરફ્રન્ટ (સાબરમતી નદીના તટ ઉપર) ઉપર બનાવેલ વિશાળ ડોમ મંડપમાં પહોંચી ત્યારે જયઘોષ' સાથે પોથીઓને વ્યાસપીઠ ઉપર પધરાવી વિદ્વાન ભૂદેવો દ્વારા પૂજન અર્ચન કરવામાં આવ્યું. ત્યારબાદ કથા પારાયણના બન્ને વિદ્વાન વક્તાશ્રીઓ

સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) અને સ.ગુ. શાસ્ત્રી સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર સે-૨ મંદિર) વ્યાસ પીઠ ઉપર આરૂઢ થયા બાદ મહોત્સવના મુખ્ય યજમાનશ્રી પ.ભ. શ્રી હિંમતભાઈ વશરામભાઈ લક્કડ થલતેજવાળા તથા તેમના ચિ. ધર્મેન્દ્રભાઈ તથા ચિ. મનિષભાઈ (યુ.એસ.એ.) વિગેરે પરિવાર તથા કથાના મુખ્ય યજમાનશ્રી પ.ભ. પટેલ ડાહ્યાભાઈ નારાયણભાઈ (માણસાવાળા) તથા ચિ. મેહુલકુમાર તથા ચિ. પુરવભાઈ તથા જમાઈ પંકજકુમાર તથા ડૉ. પ્રણવકુમાર વિગેરે પરિવાર જનોએ ગ્રંથ અને વક્તાશ્રીઓનું પૂજન કરી આરતી ઉતારી કથાનો શુભારંભ દીપ પ્રાગટ્ય અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા. સ્વા. હરિકૃષ્ણદાસજી તથા ભૂજ મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. શા. સ્વા. નિર્ગુણદાસજી તથા સ.ગુ. શા.સ્વા. ભગવત્ચરણદાસજી (પ્રમુખશ્રી જૂનાગઢ) તથા સ.ગુ. મહંત શા. સ્વામી શ્યામસુંદરદાસજી (મુળી) તથા સ.ગુ. શા.સ્વા. શ્રીકૃષ્ણસ્વરૂપદાસજી (કે.એન. શાસ્ત્રી અંકલેશ્વર) તથા ભૂજ મંદિરના પાર્ષદશ્રી જાદવજી ભગત આદિ સંત મંડળના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. ભૂજ મંદિરના મહંત સ.ગુ.શા. સ્વામી ધર્મનંદનદાસજીએ નારાયણઘાટ તીર્થભૂમિ અને જીર્ણોધ્ધારિત મંદિરનો મહિમા સમજાવી નારાયણઘાટ મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા તેમના સંત મંડળની સેવાને બિરદાવી હતી, તેમજ ભૂજ મંદિરના પાર્ષદવર્ય શ્રી જાદવજી ભગતજીએ પણ અમદાવાદ શ્રી નરનારાયણદેવ અને ભૂજ નિવાસી શ્રી નરનારાયણદેવ શ્રીજી મહારાજનું જ સ્વરૂપ છે. અને આ નારાયણઘાટની ભૂમિ એ તો તપોભૂમિ છે એમ કહી શ્રી ઘનશ્યામ મહોત્સવ પ્રસંગે દરેક ભાવિક ભક્તજનોની સેવાને બિરદાવી હતી.

તા. ૨૬-૨-૨૦૧૬ ના રોજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા ત્યારે તેઓશ્રીનું શાનદાર સ્વાગત કરી સંતો-હરિભક્તોએ જયનાદથી સભા મંડપનું વાતાવરણ ભક્તિસભર કરી દીધું હતું. તે સમયે પૂ. મહારાજશ્રીએ ગ્રંથ અને વક્તાશ્રીને પુષ્પમાળા અર્પણ કરી વિશાળ સભામાં મંચ ઉપર સ્થાન ગ્રહણ કર્યું હતું. ત્યારબાદ સભાપતિ સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (નાના પી.પી. સ્વામી, મહંતશ્રી ગાંધીનગર), શા. કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી તથા શા.સ્વામી દિવ્યપ્રકાશદાસજીએ જણાવ્યા મુજબ નારાયણઘાટ મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજીએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું સૌ પ્રથમ પુષ્પહારથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મહોત્સવના મુખ્ય યજમાનશ્રી પ.ભ. હિંમતભાઈ વશરામભાઈ પરિવાર અને કથા પારાયણના મુખ્ય યજમાન પ.ભ. પટેલ ડાહ્યાભાઈ નારાયણભાઈ પરિવારે તથા નિજ મંદિર ઉદ્‌ઘાટનના યજમાનશ્રી પ.ભ. અ.નિ. નાથજીભાઈ ઈચ્છારામ શુકલ તથા અ.નિ. ઈશ્વરલાલ લાભશંકર પંડ્યાના કૃપાપાત્ર શિષ્ય મંડળ તથા શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવના યજમાનશ્રી પ.ભ. પૂરવ દશરથભાઈ પટેલ (ચાંદખેડા) પરિવાર તથા શ્રી હનુમાનજીની મૂર્તિના યજમાનશ્રી પ્રકાશભાઈ પુરુષોત્તમભાઈ પટેલ પરિવાર તથા શ્રી ગણપતિજીની મૂર્તિના યજમાન પ.ભ. અ.નિ. પટેલ રસિકલાલ અંબાલાલ પટેલ (મોખાસણવાળા) વતી ચિ. જયેશભાઈ તથા ચિ. સંજયભાઈ વિગેરેએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પુષ્પહારથી સ્વાગત પૂજન કરી આરતી ઉતારી અલૌકિક લાભ પ્રાપ્ત કર્યો હતો. ત્યારબાદ પ.ભ.શ્રી વિનોદભાઈ વાલજીભાઈ સોની (કેન્યા) તથા પ.ભ. પ્રશાંત ચંદુભાઈ સોની (લંડન) તથા શ્રી વિજયભાઈ કેશુભાઈ ચૌહાણ વલસાડવાળા તથા પ.ભ. વાલજી કરસન હિરાણી પરિવાર નૈરોબી તથા ભાલજા સાહેબ સત્સંગ મંડળના અગ્રણી સોની શ્રી હર્ષદભાઈ કસ્તુરચંદ ઝીંઝુવાડીયા તથા યજ્ઞના મુખ્ય યજમાન પ.ભ. અ.નિ. કાન્તિલાલ દીનાનાથ મહારાજા પરિવાર જનો અને અન્ય યજમાનશ્રીઓએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું ફુલહારથી સ્વાગત પૂજન કરી શુભાશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ મહામહોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ નારાયણઘાટ મંદિરની ભવ્યતા અને નારાયણઘાટ સાબરમતી નદીનો મહિમા તેમજ ભગવાન શ્રીહરિના ચરણકમળથી પાવન આ તીર્થનો મહિમા સમજાવી શ્રી નરનારાયણદેવ પ્રત્યે દૃઢ નિષ્ઠા અને ઉપાસના ભક્તિ ઉપર ભાર મૂકી જીવનમાં એક ભગવાનનું જ પ્રધાનપણું રાખવા અનુરોધ કરી મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા નાના પી.પી. સ્વામીની સેવાને બિરદાવી આ મહોત્સવમાં તન-મન અને ધનથી સેવા કરનાર તમામ હરિભક્તોને રૂડા શુભાશીર્વાદ પાઠવ્યા હતા. તેમજ કથા અંતર્ગત પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પવિત્ર સાનિધ્યમાં શ્રી નરનારાયણદેવ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવી વક્તાશ્રી સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજીએ શ્રોતાજનોને મંત્ર મુગ્ધ કર્યા હતા. ત્યારબાદ તા. ૨૭ મી ના રોજ પવિત્ર ભૂદેવો વતી યજ્ઞના આચાર્યશ્રી અશ્વિનભાઈ ત્રિવેદી વિગેરે ભૂદેવોએ શ્રી હરિયાગનો પ્રારંભ કરાવ્યો હતો. તેમજ આ દિવસે સવારે ૮-૩૦ કલાકે ગૌદાન પૂજન કાર્યક્રમ અને સાંજે ૩-૦૦ કલાકે રાણીપ મંદિરથી કથા

મંડપ સુધી વિશાળ નગરયાત્રાનું આયોજન આકર્ષક બન્યું હતું. આ પ્રસંગે દરરોજ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ સ.ગુ. સ્વામી બળદેવપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી તથા સ.ગુ. શા.સ્વા. સુવ્રતસ્વરૂપદાસજી - મૂળી તથા સ.ગુ. શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજી તથા બ્ર.સ્વા. મુકુંદાનંદજી દ્વારા કીર્તન ભક્તિનો અનોખો કાર્યક્રમ ભક્તિરસની હેલીમાં સૌ ભાવિકોને તરબોળ કરે તેવો આવકારદાયક બન્યો હતો.

તા. ૨૮-૨-૧૬ ને રવિવારે વહેલી સવારે ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે દેવોનો મહાભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અન્નકૂટોત્સવનું આયોજન દેદીપ્યમાન દર્શનીય બન્યું હતું. પૂર્ણાહુતિના મંગલ દિને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીનું મહંત સ્વામી અને યજમાનશ્રીએ ફુલહારથી સ્વાગત પૂજન કરી શુભાશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ મંગલ પ્રસંગે બહેનોના ગુરુ પૂજ્ય લક્ષ્મીસ્વરૂપા અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારી બહેનોની ભક્તિ ભાવના અને પ્રસંગોચિત સેવાને બિરદાવી હતી. તેમજ મહોત્સવના મુખ્ય યજમાનશ્રી હિંમતભાઈ લક્કડના ધર્મપત્ની પ.ભ. ઉષાબેન વિગેરે તેમજ કથાના મુખ્ય યજમાન પ.ભ. ડાહ્યાભાઈ પટેલના ધર્મપત્ની પ.ભ. વિમળાબેન વિગેરેએ તેમજ કુકરવાડાવાળા પટેલ કોકિલાબેન બળદેવભાઈ વિગેરેએ પૂજ્ય ગાદીવાળાબાનું પૂજન અર્ચનનો અલૌકિક લાભ લીધો હતો. આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીનું પૂજન અર્ચન ગં.સ્વ. પટેલ મણીબેન ભોળાભાઈ (વિહારવાળા) તથા યજમાનશ્રીઓના ધર્મપત્નીઓએ કરી લાભ પ્રાપ્ત કર્યો હતો. તા. ૨૮-૨-૧૬ ને પૂર્ણાહુતિના દિવસે પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ગ્રંથ અને વક્તાશ્રીઓનું પૂજન કરી કથા પારાયણની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. વિશાળ સભામાં પ.ભ. જે.જે. પટેલ વિહારવાળા તથા તેમના સુપુત્ર પ.ભ. વિશાલભાઈ તથા અભિષેકભાઈએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી પુષ્પમાળાથી સ્વાગત કરી આરતીનો અલૌકિક લાભ લીધો હતો. ત્યારબાદ અમદાવાદ મંદિરના વિદ્વાન મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીએ નારાયણઘાટ મંદિરનો મહિમા અને ઈતિહાસ સમજાવી નારાયણઘાટ મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા ગાંધીનગર મંદિરના મહંત સ.ગુ. નાના પી.પી. સ્વામી અને તેઓના શિષ્ય સંતમંડળની સેવા બિરદાવી મહામહોત્સવના આયોજન તેમજ તમામ હરિભક્તોએ કરેલી વિવિધ સેવાઓ કરનાર સૌ ઉપર સર્વાવતારી શ્રીહરિનો રાજીપો અખંડ વરસતો રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે વ્યાખ્યાનમાળાના વક્તાશ્રીઓ સ.ગુ. શા.સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર મહંત સ્વામી) તથા સ.ગુ.શા.સ્વામી સૂર્યપ્રકાશદાસજી (મૂળી), સ.ગુ.શા.સ્વા. વેદાન્તસ્વરૂપદાસજી (ભુજ), સ.ગુ.શા.સ્વા. રાધારમણદાસજી (જૂનાગઢ), સ.ગુ.શા.સ્વા. ભક્તિનંદનદાસજી (જેતલપુર), સ.ગુ.શા.સ્વા. હરિસ્વરૂપદાસજી (ગઢડા), સ.ગુ. શા.સ્વા. નારાયણચરણદાસજી (વડતાલ), સ.ગુ. શા.સ્વામી સિધ્ધેશ્વરદાસજી (અમદાવાદ) તથા સ.ગુ.શા.સ્વામી કુંજવિહારીદાસજીએ મહોત્સવ દરમ્યાન વિવિધ વિષયો ઉપર મંગલ પ્રવચન દ્વારા હરિભક્તોને શ્રીહરિ અને ધામોધામનો મહિમા સમજાવ્યો હતો. આ શ્રી ઘનશ્યામ મહોત્સવ પ્રસંગની પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીએ નારાયણઘાટ તીર્થભૂમિ ઉપરના આપણા મંદિરનો જૂનો ઈતિહાસ વર્ણન કરી આજના વિશાળ મંદિરની અલૌકિકતા અને સંતોનું યોગદાન બિરદાવી રિવરફ્રન્ટ ઉપર યોજાયેલ વિશાળ મહામહોત્સવમાં સેવા કરનાર તમામ સંતો-હરિભક્તો અને નારાયણઘાટ મંદિરના મહંત સ્વામી અને તેમના શિષ્ય સંતમંડળને શુભાશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે સંતો દ્વારા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. મહંત શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (નાના પી.પી. સ્વામી)નું 'અભિનંદનપત્ર' અને ધોતી ઓઢાડી પુષ્પહારથી સન્માન કરી બહુમાન કર્યું હતું. આ પ્રસંગે યુ.એસ.એ.થી સ.ગુ. પી.પી. સ્વામીના શિષ્ય શા.સ્વા. વ્રજભૂષણદાસજીએ પણ સૌને શુભેચ્છા પાઠવી હતી. સાથે સાથે સ્વામી ભાનુપ્રકાશદાસજી નારાયણઘાટ તથા સ્વામી પરમહંસદાસજી ગાંધીનગર વિગેરેએ સેવાનો લાભ લીધો હતો. આ શુભ પ્રસંગે સ.ગુ. બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી (શ્રી નરનારાયણદેવના પૂજારી) એ આ મહોત્સવની ઘણી બધી જીણી સેવાની જવાબદારી વહન કરી અથાગ પરિશ્રમ કર્યો હતો. આ મહોત્સવ પ્રસંગે સંહિતાપાઠી વક્તાશ્રી સંતોએ પણ સારો સહયોગ આપ્યો હતો. આ મંગલ પ્રસંગે અમદાવાદના વિદ્વાન સ.ગુ.શા.સ્વા. નિર્ગુણદાસજી તથા જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ.શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ) તથા ગઢડાના સ.ગુ.શા.એસ.પી. સ્વામી વિગેરે ધામોધામના સંતોએ પ્રવચન દ્વારા પ્રસંગને બિરદાવ્યો હતો. કાંકરિયા મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. ગુરુપ્રસાદદાસજી તથા સ.ગુ.શા. સ્વા. આનંદપ્રસાદદાસજીએ તથા અન્ય

ધામોધામના સંતોએ નારાયણઘાટ મંદિરના મહંત સ્વામીની સેવાને બિરદાવી હતી.

ઉત્સવમાં અન્ય સંતો સ.ગુ. સ્વામી હરિચરણદાસજી (કલોલ) અમદાવાદ મંદિરથી જે.પી. સ્વામી, કોઠારી જે.કે. સ્વામી, શા. નારાયણમુનિદાસજી અને રસોડાની સેવામાં રાજુ સ્વામી, ધર્મસ્વરૂપ સ્વામી (નાથદ્વારા), બળદેવ સ્વામી (બાપુ), શ્રીવલ્લભ સ્વામી, હરિદ્વાર મહંત મુકુન્દ સ્વામી, મૂળીના કોઠારી વ્રજ સ્વામી, નારાયણઘાટનું સમસ્ત યુવક મંડળ, નટુ સ્વામી મૂળીના કૃષ્ણવલ્લભ સ્વામી મૂળી અને ચરાડવા મહંત સ્વામીનું શિષ્ય મંડળ આદિ નામી-અનામી સંતોએ સુંદર સેવા બજાવી હતી.

**પૂજ્ય સંતોના પૂજનના યજમાનશ્રી :** પટેલ પ્રવિણભાઈ ચતુરભાઈ પરિવાર હ. ભગવતીબેન (માણસાવાળા).

**પૂજ્ય સાંખ્યયોગીબાઈઓના પૂજનના યજમાનશ્રી :** પટેલ લીલાબેન કનુભાઈ ચોકસી પરિવાર અમેરિકા (ડિંગુચાવાળા).

**શ્રીનરનારાયણદેવ ધ્વજ દંડ-કળશના યજમાનશ્રી :** અ.નિ. અમથીબેન આત્મારામદાસ પટેલ પરિવાર હ. નરેન્દ્રભાઈ (ડાંગરવા).

**શ્રી ઘનશ્યામ મહારાજના ધ્વજ દંડ-કળશના યજમાનશ્રી :** અ.નિ. ચંદુભાઈ ઓધવજીભાઈ સોની પરિવાર હ. રંજનબેન અમેરિકા.

**શ્રી ગણપતિજીના ધ્વજ દંડ-કળશના યજમાનશ્રી :** સોની પ્રશાંતભાઈ ચંદુભાઈ પરિવાર (લંડન)

**શ્રી હનુમાનજીના ધ્વજ દંડ-કળશના યજમાનશ્રી :** સોની વિનોદભાઈ વાલજીભાઈ પરિવાર (કેનિયા)

**શ્રી ધર્મદેવ ભક્તિમાતા ધ્વજ દંડ-કળશના યજમાનશ્રી :** અ.નિ. સમરથબેન ઓધવજીભાઈ સોની પરિવાર હ. પ્રફુલભાઈ (જાંબીયા)

**પ્રથમ દિવસ બપોરના પ્રસાદના યજમાનશ્રી :** પટેલ ઘનશ્યામભાઈ ગણેશભાઈ પરિવાર (વિહારવાળા).

**બીજા દિવસ બપોરના પ્રસાદના યજમાનશ્રી :** અંબિકા કાસ્ટવેલ પ્રા.લી., કલ્યાણ કાસ્ટવેલ પ્રા.લી. પટેલ ગોરધનભાઈ તથા લાલજીભાઈ, અમૃતભાઈ, વિષ્ણુભાઈ પટેલ (અમદાવાદ).

**ત્રીજા દિવસ બપોરના પ્રસાદના યજમાનશ્રી :** અ.નિ. નાથીબેન કાળીદાસ નરસીદાસ પટેલ પરિવાર ગાંડાભાઈ, અમૃતભાઈ, વિષ્ણુભાઈ (ગુલાબપુરાવાળા)

**ચોથા દિવસ બપોરના પ્રસાદના યજમાનશ્રી :** અ.નિ. રૂખીબેન પ્રહલાદભાઈ સોમનાથ પટેલ પરિવાર (રાજપુરવાળા) રવિન્દ્રભાઈ, ભરતભાઈ, અમિતભાઈ.

**પાંચમા દિવસ બપોરના પ્રસાદના યજમાનશ્રી :** અ.નિ. પટેલ ભક્તિભાઈ આત્મારામદાસ પરિવાર (ડાંગરવાળા) અ.નિ. પટેલ કમલેશભાઈ ભક્તિભાઈ.

**નિજ મંદિર બાંધકામમાં સેવા કરનાર મહાનુભાવો :** (૧) સાંખ્યયોગી મેઘનાબા ગુરુ કાનબા (ગઢપુર) હ. અ.નિ. જયંતીભાઈ અરવિંદભાઈ (૨) અ.નિ. ગોપાલભાઈ દેવજી પીંડોરીયા (કચ્છ-ઓસ્ટ્રેલીયા) હ. વિશ્રામભાઈ (૩) વાલજી કરશન હિરાણી (નાઈરોબી) (૪) ગોવિંદભાઈ ખીમજીભાઈ પટેલ પરિવાર હ. શરદભાઈ (૫) અ.નિ. નાથજીભાઈ શુકલ તથા અ.નિ. ઈશ્વરભાઈ પંડ્યા શિષ્ય મંડળ, રાજેશભાઈ, ભગવતભાઈ, હરિવદનભાઈ (૬) ધનજી નાનજી હાલાઈ પરિવાર (૭) ખીમજીભાઈ શામજી જેસાણી પરિવાર (લંડન) (૮) ધનજી લાલજી પીંડોરીયા પરિવાર (૯) લક્ષ્મણભાઈ ભીમજીભાઈ રાઘવાણી, પ્રેમજીભાઈ ભીમજીભાઈ રાઘવાણી, અ.નિ. કાનજીભાઈ ભીમજીભાઈ રાઘવાણી પરિવાર (બળદીયા) (૧૦) અ.નિ. નાથીબેન કાળીદાસ નરસિહદાસ પટેલ પરિવાર (ગુલાબપુરા), ગાંડાભાઈ, અમૃતભાઈ, વિષ્ણુભાઈ (૧૧) અ.નિ. નારાયણભાઈ મોહનદાસ ડેરીવાળા પરિવાર (ડાંગરવાવાળા) (૧૨) અ.નિ. જસુબા જયદેવભાઈ બ્રહ્મભટ્ટ, હ. ડૉ. મનોજભાઈ બ્રહ્મભટ્ટ (૧૩) અ.નિ. રુખીબેન પ્રહલાદભાઈ સોમનાથ પટેલ (રાજપુર) હ. રવિન્દ્રભાઈ, ભરતભાઈ, અમિતભાઈ (૧૪) પટેલ સેંધીદાસ (કુંડળવાળા) હ. રાકેશભાઈ (૧૫) મૂળજી લાલજી વરસાણી (સામત્રા-કચ્છ) પરિવાર (૧૬) શૈલેષકુમાર ગોવિંદભાઈ પટેલ (મોખાસણવાળા) (૧૭) અ.નિ. પ્રફુલભાઈ ડાહ્યાભાઈ ઠક્કર હ. જયમીનભાઈ (૧૮) સાકળચંદ છગનભાઈ પટેલ (મોરારજી-વિહાર) (૧૯) સૂર્યાબેન ગીરીશભાઈ પટેલ હ. કેતનભાઈ (રાજપુર) (૨૦) લાલજીભાઈ કરશનભાઈ રાબડીયા (કેન્યા) (૨૧) નારાયણ મનજી કેરાઈ (બળદીયા) હ. કાંતિભાઈ (૨૨) શ્રી સ્વામિનારાયણ મંદિર કુંડાળ-કડી સમસ્ત હરિભક્તો (૨૩) હરેશભાઈ વ્રજલાલ સોની (નાઈરોબી) (૨૪) અ.નિ. સોમાભાઈ વીરચંદદાસ પટેલ પરિવાર (ઈટાદરા) (૨૫) ગીરીશભાઈ સાંકળચંદભાઈ પટેલ (વિહાર) (૨૫) ગં.સ્વ. શારદાબેન પ્રભુદાસ માણેક હ. જયેશભાઈ (ધ્રાંગધ્રા).

શરત ચૂકથી કોઈ સંત-હરિભક્તનું નામ રહી ગયું હોય તો ક્ષમ્ય ગણશો.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી

ફાગણ સુદ - ૩ એ આપણા સત્સંગ અને સત્સંગીઓ માટે દિવાળી જેવોજ મોટો દિવસ છે. કારણ કે શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ આપણને અમદાવાદમાં સૌ પ્રથમ મંદિર બનાવી શ્રી નરનારાયણદેવની સ્થાપના આજ દિવસે કરી હતી. અને ૧૮૯ વર્ષ બાદ શ્રી સ્વામિનારાયણ ભગવાનના છઠ્ઠા વંશજ- આપણા પ.પૂ.મોટા મહારાજશ્રીએ આપણને સૌને વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની ભેટ આપેલ છે. આ વર્ષે તેને પાંચ વર્ષ પૂરા થતા પંચમ વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો. દર વર્ષે મ્યુઝિયમના પાટોત્સવના દિવસે મ્યુઝિયમમાં જ શ્રીજી મહારાજના ત્રણેય અપર સ્વરૂપોના સાંનિધ્યમાં અભિષેક અને મહાપૂજાનો કાર્યક્રમ યોજાય છે. પરંતુ આ વર્ષે પાંચ વર્ષ પૂરાં થતા હોઈ ખૂબ મોટું આયોજન કરાયું હતું.દર વર્ષની જેમ મ્યુઝિયમમાં શ્રીનરનારાયણદેવની મૂર્તિને અભિષેક અને સમૂહ મહાપૂજા તો યોજાયા જ હતા. પરંતુ અમદાવાદના સિમાડા એવા ઓંગણજ વિસ્તારમાં આવેલ ગોપી ફાર્મ પર દિવ્ય વિશાળ સભાનું આયોજન પણ કરાયું હતું. ગામો ગામ થી અને દેશ વિદેશના સંતો હરિભક્તોની અકડેઠઠ મેદનીનો આંકડાકિય અંદાજ કાઢવો તે આકાશનો નક્શો બનાવવા જેટલું કપરૂ હતું. સૌ પ્રથમ સ્ટેજ ઉપર એલ.ઈ.ડી.સ્ક્રીન પર મુઝિયમનો અને તેની અંદરના સ્થળોના દર્શન કરાવાયા હતા.શ્રી હરિના ત્રણેય અપર સ્વરૂપો સ્ટેજની બરાબર મધ્યમાં બિરાજ્યા હતાં. ત્યારબાદ કાલુપુર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાજી વગેરે સંતો દ્વારા ઉદ્‌બોધન કરાયા હતા. જેમાં શ્રી નરનારાયણ દેવનો અને શ્રી હરિની પ્રસાદીની વસ્તુઓનો મહિમા ગવાયો હતો. તે પછી યજમાનોનું સન્માન કરાયું. તે પહેલા શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમ જેમની રગે રગમાં દોડે છે તેવા શ્રી કરશનભાઈ રાઘવાણી અને મ્યુઝિયમના દરેક આયોજનોને સફળતા પૂર્વક પાર પાડતા શ્રી પરષોત્તમભાઈ (દાસભાઈ)ને સ્વયં પ.પૂ.મોટા મહારાજશ્રી દ્વારા મસ્તક પર સાફા બાંધી વિશેષ સન્માનિત કરાયા હતા.

મ્યુઝિયમમાંની દરેક વસ્તુને શાસ્ત્રની રીતે પ્રમાણીત કરવામાં અને મ્યુઝિયમ આયોજીત દરેક આયોજનમાં મહત્વનો ફાળો આપતા પ.પૂ.શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી અને પ.પૂ.શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીને પૂ.મોટા મહારાજશ્રી દ્વારા સન્માનિત કરાયા હતા. ત્યારબાદ સૌએ ભોજનકક્ષમાં જઈ મહાપ્રસાદ એવા ભોજનનો આસ્વાદ માણ્યો હતો. દરેકની આંખોમાં આખો દિવસ દિવ્યતાથી પસાર થયાનો સંતોષ છલકાતો હતો. અને સૌ ધન્યતાનો અનુભવ કરતા છુટા પડ્યાં હતા.

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - માર્ચ - ૨૦૧૬

| | |
|---|---|
| રૂા.૫૧,૦૦૦/- | શ્રી રઘુવીરભાઈ નવીનચંદ્રભાઈ અમીન- નવરંગપુરા |
| રૂા.૨૫,૦૦૦/- | શ્રી રોહિતભાઈ પ્રહલાદભાઈ પટેલ - ભાઉપુરા |
| રૂા.૧૧,૦૦૦/- | શ્રીનરનારાયણદેવ યુવક મંડળ વાલીના હરિભક્તો મુંબઈવાળા તરફથી - મુંબઈ |
| રૂા.૧૧,૦૦૦/- | શ્રી અરવિંદભાઈ દોંગા - બાપુનગર |
| રૂા.૧૧,૦૦૦/- | શ્રી લાલજીભાઈ માધવજી પિંડોરીયા - માંડવી |
| રૂા.૬,૦૦૦/- | અ.નિ.દુધીબેન મોહનભાઈ પટેલ - અમદાવાદ |
| રૂા.૫૦૦૦/- | અક્ષર ટ્રેડર્સ હ. કીર્તિભાઈ - અમદાવાદ |
| રૂા.૫૦૦૦/- | શ્રી ગોરધનભાઈ ચંકુભાઈ - મોરબી |
| રૂા.૫૦૦૦/- | શ્રી દિલીપભાઈ લવજીભાઈ ઠક્કર - દિયોદર |
| રૂા.૫૦૦૦/- | શ્રી નૈયા સંજયકુમાર પટેલ - સાબરમતી સંકલ્પ પૂર્ણ થયો તે નિમિત્તે |
| રૂા.૫૦૦૦/- | શ્રી રમેશભાઈ અંબાલાલ પટેલ - સાબરમતી હ. ઉષાબેન રમેશભાઈ પટેલ |
| રૂા.૫૦૦૦/- | સાંખ્યયોગી રવિકાંન્તાબા - ગઢડા હા.લોજ |
| રૂા.૫૦૦૦/- | શ્રી ઘનશ્યામભાઈ મણીલાલ - બાવળા |
| રૂા.૫૦૦૦/- | શ્રી ઉપેન્દ્રભાઈ બળદેવભાઈ સોની - વિરમગામ |
| રૂા.૫૦૦૦/- | શ્રી ભવાનભાઈ ભગવાનભાઈ ખટાણા બળોલવાળા - ગાંધીનગર પંચમ વાર્ષિક ઉત્સવમાં પાટલા અર્પણ કરેલ |
| રૂા.૫૦૦૦/- | શ્રી નરેન્દ્રભાઈ આર. ભાવસાર - ગાંધીનગર |
| રૂા.૫૦૦૦/- | અ.નિ. વજાભા તથા જીવામાના સ્મણાર્થે (બળોલવાળા) હ. લક્ષ્મણભાઈ જીવાભાઈ ચાવડા હા. મેમનગર |
| રૂા.૫૦૦૦/- | અ.સૌ.નયનાબેન જીતેન્દ્રભાઈ આચાર્ય - મુળી (સ્વા.મંદિર મુળીના ગોર) |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - માર્ચ - ૨૦૧૬

| | |
|---|---|
| તા.૨/૩/૧૬ | શ્રી વિહાન પ્રિતેશ ઓમપ્રકાશ કાશવ હ. પી.પી.સ્વામી (નાના) એડીલેડ - ઓસ્ટ્રેલીયા |
| તા.૬/૩/૧૬ | સાકરબેન આત્મારામપટેલ - શાહપુર હ. વિનોદભાઈ |
| તા.૭/૩/૧૬ | શ્રી ઘનશ્યામદાસ સોમદાસ પટેલ (દલાલ-ડાંગરવાવાળા) હ. પી.પી. સ્વામી (નાના) |
| તા.૧૧/૩/૧૬ | શ્રી સ્વામિ. મ્યુઝિયમના પંચમ વાર્ષિક ઉત્સવ સમૂહ મહાપુજા મુખ્ય યજમાનશ્રી જશવંતલાલ કાંતિલાલ મોદી પરિવાર |
| તા.૧૩/૩/૧૬ | શ્રી જોઈતારામભાઈ ધનજીભાઈ પટેલ - ઘાટલોડીયા હ. બળદેવભાઈ, વિષ્ણુભાઈ તથા જયંતીભાઈ |
| તા.૧૫/૩/૧૬ | શ્રી નારણભાઈ ચુનીલાલ પટેલ - રાણીપ |
| તા.૨૦/૩/૧૬ | શ્રી કાંતિભાઈ ભગવાનદાસ પટેલ - દેઉસણાવાળા ચિ.જયેન્દ્રભાઈના લગ્ન નિમિત્તે હ. પી.પી. સ્વામી (મોટા) |
| તા.૩૧/૩/૧૬ | શ્રી માવજીભાઈ પિંડોરીયા - લંડન |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**



# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ સ્વામિનારાયણ ભગવાને પ્રથમ અહિંસામય યજ્ઞ ક્યાં અને કઈ સાલમાં કેટલા દિવસનો કર્યો હતો ?

પ્ર. ૨ દાદા ખાચરના બીજા લગ્ન ભટવદર ગામે નાગપાલ વરુની દીકરી જશુબાઈ સાથે નક્કી થયા ત્યારે લગ્નના દિવસે શ્રીજી મહારાજ દાદા ખાચરનો રથ હાંકવા બેઠા ત્યારે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી ક્યું કીર્તન બોલ્યા હતા ?

પ્ર. ૩ જેતલપુરમાં શ્રીજી મહારાજે ફુલદોલોત્સવનો ઉત્સવ કઈ સાલમાં કર્યો હતો ?

પ્ર. ૪ શ્રીજી મહારાજે ગઢપુરમાં ઉત્સવ ઉજવવાની ખેંચતાણ જયાબા અને લલીતાબાની વચ્ચે ન થાય તે માટે ઉત્સનવી વહેંચણી કેવી રીતે કરી આપી ?

પ્ર. ૫ સં. ૧૮૭૬ ની સાલમાં શ્રીજી મહારાજ જેતલપુર પધાર્યા. વાજતે ગાજતે સંતો સહિત સામૈયું કર્યું. આંબલીના વૃક્ષ નીચે સભા કરી. તે સભામાં ચાર સંતોને સદ્‌ગુરુની પદવી આપી તે સંતોના નામ જણાવો.

પ્ર. ૬ શ્રીહરિકૃષ્ણ લીલામૃત ગ્રથના રચયિતા કોણ છે ? પ્રથમ કથા કોણે કોને ક્યાં સંભળાવેલી છે.

પ્ર. ૭ ‘જેતલપુર બલદેવ રેવતી, હરિ કે પાસ આઈ રે....’ પદની રચના કોણે કરેલી છે ?

## માર્ચ-૨૦૧૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) પુરુષોત્તમ પ્રકાશ-૪૮-૧૦. (૨) સત્સંગિજીવન અધ્યાય-૪૪, પ્રકરણ-૪. (૩) વડતાલમાં હરિમંડપમાં બિરાજીને શિક્ષાપત્રી શ્લોક-૨. (૪) ત્રણ મંગલાચરણ છે. શ્લોક નં.૧, ૧૦૮, ૨૧૨. (૫) ‘‘આ શિક્ષાપત્રીનું વાંચન કર્યા પછી અમને એમ અનુભવ થાય છે કે જો દરેક ભારતિય પ્રજા આ શિક્ષાપત્રીનું પાલન યથાર્થ કરે તો કરોડો રૂપિયાનો ખર્ચ પોલીસ તથા ન્યાયતંત્ર પાછળ થાય છે તે ન થાય અને પૂરા ભારતમાં પોલીસ તંત્રની જરૂર જ ન રહે. (૬) ગ.અં.પ્ર. ૧. (૭) પુરુષોત્તમ પ્રકાશ અનુક્રમે ચોપાઈ - ૩૭/૧૭, ૩૯.

૧ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૨ દરજી સંગીતા કે. (કાલુપુર)
૩ સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૪ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૫ સોની પલ્લવી આર. (સુરેન્દ્રનગર)
૬ શોભના કે. (ઝોલાપરા)
૭ સ્વામિનારાયણ મંદિર (હર્ષદ-બાપુનગર)
૮ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૯ પટેલ મગનલાલ મોહનભાઈ (હિંમતનગર)
૧૦ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૧૧ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૧૨ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૧૩ ભારતીબેન વિષ્ણુભાઈ (ડાંગરવાવાળા)
૧૪ ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર)
૧૫ સીતાપરા ગોરધનભાઈ વી. (બાપુનગર)
૧૬ મહંત શાસ્ત્રી સ્વામી પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર)
૧૭ સાં.યો. દર્શનાબેન ગુરુ સુરજબા, ઝવેરબા (વાવોલ)
૧૮ શારદાબેન હસમુખભાઈ (વાવોલ)
૧૯ ઉષાબેન મંગળભાઈ (વાવોલ)
૨૦ પટેલ લલીતાબેન જયંતિભાઈ (સાબરમતી)
૨૧ પટેલ મધુબેન મહેન્દ્રભાઈ (સાબરમતી)
૨૨ પૂજારી ભગત (સ્વા.મંદિર ઘાટલોડીયા)
૨૩ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)
૨૪ પટેલ વિમળાબેન બિપીનભાઈ (ગાંધીનગર
૨૫ સાં.યો. રંજનબા તથા નાનીબેન (વિરાટનગર
૨૬ ઓચ્છવ મંડળ (સ્વા. મંદિર એપ્રોચ-બાપુનગર)
૨૭ સાધુ ધર્મકિશોરદાસજી ગુરુ લક્ષ્મણજીવનદાસજી (એપ્રોચ)
૨૮ સાં.યો. મંજુબા, ભારતીબા (કાલુપુર હવેલી)
૨૯ ભાવસાર નિકીતા બી. (કાલુપુર)
૩૦ ભાવસાર અરવિંદાબેન એન. (ચાંદલોડીયા)
૩૧ પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૩૨ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૩૩ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૩૪ પટેલ જયંતિભાઈ હીરાભાઈ (વહેલાલ)
૩૫ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૩૬ પટેલ ડૉ. અરૂણભાઈ દેવજીભાઈ (રાણીપ)
૩૭ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૩૮ પટેલ ભક્તિભાઈ પુંજલદાસ (દેઉસણાવાળા)
૩૯ મહેતા બંકિમભાઈ રતિલાલ (રાણીપ)
૪૦ ગાબાણી હસમુખભાઈ (બોટાદ)
૪૧ ગાબાણી વંદન એચ. (તુરખા)
૪૨ ભોરણીયા મુકેશભાઈ (ઘુંટુ)
૪૩ પરમાર ભાનુબેન ભગવાનજી (બોડકા)
૪૪ પટેલ ચંદ્રપ્રકાશ (રાણીપ)
૪૫ પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૪૬ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૪૭ સાં.યો. બહેનો (સ્વા. મંદિર બહેનોનું દરબારગઢ) (મોરબી)
૪૮ ઘરસભા બહેનો (લુણાવાડા)
૪૯ પટેલ અલકાબેન દિનેશચંદ્ર (લુણાવાડા)
૫૦ ભાવસાર ચંદુભાઈ પુરષોત્તમદાસ (નવાવાડજ)
૫૧ રાઓલ પ્રવિણસિંહ (માણસા)
૫૨ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૫૩ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (ઝુલાસણ)
૫૪ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૫૫ પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર)
૫૬ પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૫૭ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૫૮ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૫૯ સુવાસીની મંડળ (લુણાવાડા)
૬૦ પટેલ જૈમીન સી. (નરોડા)
૬૧ પટેલ ઉષાબેન ચિનુભાઈ (ઉનાવા(
૬૨ વિઠ્ઠલાપરા અમરશી વી. (જીવાપરવાળા)
૬૩ પટેલ ભાવનાબેન નટવરભાઈ (મુબારકપુર)
૬૪ પટેલ સરોજબેન રણછોડભાઈ (મુબારકપુરા)
૬૫ પટેલ રેખાબેન કિર્તીકુમાર (ઊંઝા)
૬૬ પટેલ મીનાબેન મહેન્દ્રભાઈ (આંબાવાડી)
૬૭ ચાવડા નીતાબેન ઠાકરસીભાઈ (નરોડા)
૬૮ પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા)
૬૯ ઠક્કર ઉર્વિ પ્રતિકકુમાર (વસ્ત્રાપુર)
૭૦ ચોકસી નરેન્દ્રકુમાર શાંતિલાલ (દરિયાપુર)
૭૧ ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૭૨ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૭૩ દિપીકાબેન એચ. (લુણાવાડા)
૭૪ રેવતી મંડળ (કોઠંબા)
૭૫ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૭૬ શ્રી સ્વામિનારાયણ મંદિર (પંચવટી-કલોલ)
૭૭ સોની દક્ષાબેન (અમદાવાદ)
૭૮ પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૭૯ પટેલ હેતલબેન પી. (મારુસણા)
૮૦ પટેલ પ્રયાગ માધવલાલ (ન્યુ રાણીપ)
૮૧ પટેલ રક્ષા ભરતભાઈ (અમદાવાદ)
૮૨ રવિ સભા ભાઈઓ-બહેનો (લુણાવાડા(
૮૩ પટેલ નયનાબેન સુમનભાઈ (સાબરમતી)
૮૪ પટેલ ધ્રુવ (માણસા)





# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો ૫મો વાર્ષિકોત્સવ












# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો ૫મો વાર્ષિકોત્સવ











શ્રી ઘનશ્યામ મહોત્સવ

તા. ૨૪ થી ૨૮ ફેબ્રુઆરી - ૨૦૧૬

શ્રી સ્વામિનારાયણ મંદિર - નારાયણઘાટને આંગણે ઉજવાયેલ

## દિવ્ય અને ભવ્ય

# શ્રી ઘનશ્યામ મહોત્સવ





## નારાયણઘાટ મંદિરમાં ઉજવાયેલ

# શ્રી ઘનશ્યામ મહોત્સવની ઝલક



### મહાપૂજા તેમજ યજ્ઞનારાયણની આરતી



### ભોજનપ્રસાદ તથા વ્યવસ્થા





### મેડીકલ કેમ્પ



### ગણપતિજી - હનુમાનજીની પ્રતિષ્ઠા



### યજમાનશ્રી દ્વારા ધર્મકુળની આરતી



### અન્નકુટ દર્શન





## શ્રી ઘનશ્યામ મહોત્સવ પ્રસંગે પધારેલા ધામધામથી બ્રહ્મનિષ્ઠ સંતોના મનનીય પ્રવચનો





અન્નકુટ આરતી ઉતારતા પૂ. મોટા મહારાજશ્રી
સભામાં પૂજ્ય સંતો
વિજય સ્થંભ
પૂજ્ય સંતોનું સન્માન
યજમાનશ્રીઓના સન્માન
મહોત્સવમાં પધારેલ
પૂ. મોટા મહારાજશ્રીના
રૂડા આશીર્વાદ







# દિયોદર (બનાસકાંઠા) મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ















જેતલપુર મંદિરના ૧૯૦માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા તથા યજમાન પરિવારને સન્માનીત કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી





## કાંકરિયા મંદિરના પાટોત્સવ પ્રસંગે શહેર ચોર્યાસી









# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## બધું લાલી લેખે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાન પાસે પ્રસંગોપાત સુરાબાપુ બ્રહ્માનંદ સ્વામી વગેરે ભક્તો-સંતો વાર્તા સંભળાવતા. એમાં કોઈ વાર્તા ભગવાનને પ્રસન્ન કરવા માટે કહેવાણી હોય, કોઈ વાર્તા કાંઈક તથ્ય રજૂ કરવા માટે કહેવાતી હોય. એમાંય જ્યારે બ્રહ્માનંદ સ્વામી કોઈ વાર્તા કહે ત્યારે તેમાં ઘણાં સત્ય, તથ્યની સાથે થોડી ઘણી હાસ્યની છાંટ પણ હોય. એકવાર બ્રહ્માનંદ સ્વામી કહે છે - મહારાજ ! સંસારમાં એક કહેવત છે કે ''જગતના જીવને બધું લાલીના લેખે જાય.'' એટલે મહારાજ કહે છે, સ્વામી ! એવું ન ચાલે. અમે એવું કોઈ દિવસે સાંભળ્યું નથી. તમે સંભળાવો તો ખબર પડે. બ્રહ્માનંદ સ્વામી કહે છે, મહારાજ તમે ન સાંભળ્યું હોય ને મારે સંભળાવવાનું હોય તો એથી વિશેષ બીજો ક્યો આનંદ ! એમ કહીને સ્વામીએ વાત શરૂ કરી.

કોઈ ગામમાં એક સદ્‌ગૃહસ્થ પતિ-પત્ની રહેતાં હતાં. એમને સંતાનમાં એક માત્ર દીકરી. દીકરીનું નામ રાખ્યું લાલી. શું લાલીને લાડ લડાવે, એને રમાડે, જમાડે, પહેરાવે મોંઘવારી હોય ને તોય કહેશે લાલી લેખે ખર્ચો કરવામાં વાંધો નહી. ભાઈ! આજ તો પચાસ રૂપિયા વધુ થઈ ગયા. કાંઈ નહીં લાલી લેખે એમાં શું ! કોઈક દિવસે લાલી માટે કપડાં લેવા ગયાં. ત્યાં કોઈક ખીસ્સું કાપી ગયું. બસ્સો રૂપિયા ગયા. કાંઈ વાંધો નહી, લાલી લેખે. એ દુઃખ જ ન થાય, એ લાલી લેખે. આપણી એક જ લાલી છે ને. લાલી મોટી થઈ એટલે લાલીની માતાને એમ થયું મારી લાલીને ધામધૂમથી પરણાવવી છે એટલે લાલીના દાગીના કરાવ્યા. એક સરસ પેટીમાં ગોઠવાઈ ગયા. કપડાં સારાં સારાં લાવીને શું ગમતાં હતા એ બધાં ભેગાં ગોઠવ્યા. પેટીમાં ભેગું કર્યું. લાલીને પરણાવીશું ત્યારે આ બધું એને ભેટમાં આપશું.

માણસ વિચારે કાંઈક છે અને બને છે કાંઈક જુદું. કોઈ અકસ્માતમાં લાલીનું મૃત્યુ થઈ ગયું. માતા-પિતા બંને રડ્યાં જ કરે છે. આવી વ્હાલસોયી, લાડકોડે ઉછરેલી દીકરી જુવાનીના ઉંબરે આવતાં જ અણધારી ચાલી ગઈ એટલે રડ્યા જ કરે. બધા એમને આશ્વાસન આપે. તમે શા માટે રડો છો ? લાલી તો સ્વર્ગે ગઈ. બહુ પવિત્ર હતી, સારી હતી એટલે સ્વર્ગમાં જ જાય. માટે તમે ચિંતા ન કરો. એ ત્યાં સુખી છે. લાલીની મા પૂછે, મારી લાલી સુખી હશે ? અરે આનંદ કરતી હશે. સ્વર્ગમાં કોઈ વાતનું દુઃખ ન હોય. બધું ત્યાં મફતમાં મળે છે. એમને કાંઈ દુઃખ નહી.

એક દિવસે આ બધી પરિસ્થિતિનો જાણકાર કોઈ ઠગ માણસ આવ્યો. કોણ છો તમે ભાઈ ? હું તો ચારે બાજુ ફરૂં છું. ધરતી ઉપર ફરૂં છું. ને સ્વર્ગમાં પણ જાઉં. સ્વર્ગમાય જાઓ છો? હા તો અમારી લાલી સ્વર્ગમાં આવી છે ? હા જ તો એણે જ મને મોકલ્યો છે. ઓ હો ! અમારી લાલીએ તમને મોકલ્યા છે ? હા જ તો તમારા ઘરનું સરનામું એણે જ આપ્યું નહીં તો મને ક્યાંથી ખબર ! તો અમારી લાલી એ કાંઈ કહ્યું છે ? હા પણ લાલીએ એમ કહ્યું છે કે, સ્વર્ગમાં ખાવા પીવાની કોઈ તકલીફ નથી પણ અહીં સ્વર્ગમાં આપણે ત્યાંના જેવા દાગીના બનતા નથી. જાડાં સોનાના ઘચીયાં બધા પહેરે છે. એટલે સરસ દાગીના મારી મા એ મારા માટે કરી આપ્યા છે એ લેતા આવજો. તે માટે મને મોકલ્યો છે. આ બાઈ તો ખુશ થઈ ગઈ. ઘરમાંથી લાલી માટે બનાવેલા દાગીના, કપડાં ભરેલી પેટી મુકી રાખી હતી તે લઈ આવીને આપી દીધી. સોનાનાં દાગીના અને સારાં સારાં મૂલ્યવાન વસ્ત્રો લઈ જાઓ. મારી લાલીને આપજો. આ માણસ ઠગ હતો. પેટી લઈને ભાગી ગયો. થોડી વારમાં એમનો પતિ બહારથી આવ્યો. કેમ આજે ખુશ દેખાય છે ? અરે વાત એવી છે કે તમે પણ જાણીને ખુશ થઈ જશો. લાલીનો સંદેશો સ્વર્ગમાંથી આવ્યો હતો. આપણી લાલીએ એક માણસને મોકલેલો. એણે દાગીના મંગાવ્યા. પછી તેં શું કર્યું ? એમાં પૂછવાનું હોય ! દાગીનાની પેટી આખી આપી દીધી ? અરેરે.... તેં ગજબ કર્યો. કોઈ સ્વર્ગમાંથી આવે નહીં. અને આવી વસ્તુ લઈને કોઈ અહીંથી જાય નહીં. તું સાવ ગાંડી થઈ ગઈ છે ? એ તો કોઈ ઠગ છેતરી ગયો. કાંઈ નહી ત્યારે, દાગીનાની આખી પેટી લાલી લેખે ગઈ.

પણ આ ભાઈને થયું કે હું એ ઠગને પકડી પાડું. આટલામાં જ ક્યાંક હશે. કારણ કે એ જમાનામાં સ્કૂટર ન હોતા, ગાડીઓ ન હતી. આજુબાજુથી ઝડપાઈ જાય એટલે તે એક ઘોડો લઈને ઠગને ગોતવા ઉપડ્યો. ગામની બહાર નીકળ્યો. હમણાં જ ઢગને ઝડપી પાડું. ઠગ આટલામાં જ હશે. આ ઠગ હજુ પેટી લઈને જતો જ હતો. એને એમ થયું, આ ઘોડો લઈને આવે છે એ મને જ પકડવા આવે છે. એટલે પેટી લઈને ઝાડ ઉપર ચડી ગયો. આ ભાઈ કહે છે, હવે તું ક્યાં બચવાનો ? મારા હાથમાંથી ક્યાં છટકીશ ? આવી રીતે ઘરના માણસોને છેતરીને ભાગ્યો છે! આજ તો તને શિક્ષા કરીશ. હેઠો ઉત્તર. ઠગ કહે છે ના, અરે, ન ઉતરે તો તું ક્યાં જઈશ. ઘોડો ઉભો રાખી ઠગને પકડવા ઝાડ પર ચઢ્યો. તરત જ ઠગ કુદકો મારીને સીધો ઘોડા ઉપર ઉતર્યો અને ઘોડો દોડાવીને ભાગી ગયો. આ ભાઈ નિરાશ થઈને

ખાલી હાથે ઘેર આવ્યો. એમના પત્ની કહે છે - શું થયું ? ઠગ હાથમાં આવ્યો ? ના, એ તો હાથમાં ન આવ્યો. કાંઈ વાંધો નહીં પણ તમે ચાલતા કેમ આવ્યા ? આપણો ઘોડો ક્યાં ગયો ? આપણો ઘોડો પણ લાલી લેખે ગયો.

આ દ્રષ્ટાંતની પાછળ જે સિધ્ધાંત છે એ સમજવા જેવો છે. બ્રહ્માનંદ સ્વામી કહે છે, આ સંસારના જીવને આખી જીંદગી લાલી લેખે જ જાય છે. તમે વિચાર કરો. દર મહિનાની આવક ભેગી કરીને લીસ્ટ રાખતા હો તો આખા વર્ષમાં કેટલું કમાયા ? પણ બધું કયાં જાય છે ? કાંઈ ખબર પડતી નથી. એ તો કોઈ હિસાબ જ નથી. માણસ કેટલું બધું ધન વેડફે છે ? ધ્યાન રાખજો. સંપત્તિ વાપરવી અને સંપત્તિ વેડફવી એ બે અલગ વસ્તુ છે. તમારા પ્રયત્નથી કે ઈશ્વરની કૃપાથી તમને જે કાંઈ મળતું હોય તો એનો સદુપયોગ કુટુંબ નિર્વાહ અને સત્તકર્મમાં થાય તો સદુપયોગ. એ સંપત્તિ વાપરી છે. પણ સંપત્તિ જો પોતાના મોજશોખ માટે, વિલાસ માટે, વ્યસન માટે વેડફાય તો આ બધું લાલી લેખે ગયું સમજજો. એનો સદુપયોગ થતો નથી. પેટી જાય ને ઘોડો ય જાય. બધું જાય. શ્રીજી મહારાજ બ્રહ્માનંદ સ્વામીને કહે છે, સ્વામી ! તમે બહુ સારી વાત કરી.

મિત્રો ! તમને પણ આ વાત ગમી હશે. તો યાદ રાખજો કે ભગવાનની કૃપાથી આવી અમૂલ્ય માનવ જીંદગી મળી છે એ લાલી લેખે વેડફાઈ ન જાય એની સાવધાની રાખવી. સત્કર્મ પરોપકાર અને ઈષ્ટદેવનું ભજન કરીને આ જીંદગી સફળ બનાવી લેવી.

●

## કૃપાપાત્ર બનવા માટે

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

છેવાડાનું ગામ હોય, પીવાના પાણી માટે દૂરસુદૂર સુધી જવું પડતું હોય એ તકલીફ તો જેણે અનુભવી હોય તે જ જાણી શકે. આવા જ એક છેવાડાના ગામમાં પીવાના પાણીની બહુ મુશ્કેલી હતી તેથી ગામના આગેવાનોને ગામમાં સારો કૂવો બનાવવાનો વિચાર આવ્યો. સુખી સંપન્ન લોકોનો આર્થિક સહકાર અને ગામના યુવાનોનો શારીરિક સહકાર ભેગો ભળ્યો. અને કૂવો ખોદવાનું કાર્ય ધમધોકાર ચાલુ થઈ ગયું.

મહિનાઓની અવિરત મહેનતના પરિણામે કૂવામાં પાણી દેખાયું. ગામમાં તો આજે આનંદનો દિવસ આવ્યો છે. ગામમાં ઉત્સવ જેવો માહોલ સર્જાયો છે. નાના બાળકથી લઈને મોટી ઉંમરના બધા જ કૂવા ભણી ચાલી રહ્યાં છે. ગામના મુખી ગોરમહારાજની સાથે સહુથી આગળ ચાલ્યા જાય છે. પાંચ કુમારિકા દીકરીઓ પૂજાના થાળ હાથમાં લઈને તેમની પાછળ પાછળ ચાલી રહી છે. પાછળ ગામના બહેનો, વડીલો... આ રીતે ચાલતા ચાલતા સહુ કૂવાના થાળા પાસે પહોંચ્યા છે. બહેનો મંગળગીતો ગાઈ રહી છે.

ગોરભા એ મુખી પાસે કુમકુમ, અક્ષત, પુષ્પ દ્વારા શ્લોકોના મંગળ ધ્વનિ સાથે વરૂણદેવતાનું પૂજન કરાવ્યું. કૂવાના થાળા પર શ્રીફળ વધેરાયું. ઢોલ ઢબુક્યા ને યુવાનોએ રાસડો જમાવ્યો. કુમારિકાઓ અને ગામની બહેનો તામ્રપાત્રો લઈને જળ વધાવવા આવી છે. મુખીની કુમારિકા દીકરીએ ઘડાને વરેડી બાંધી અને ગરગડી પર ગોઠવી ઘડાને કૂવામાં ઉતાર્યો. પણ ઘડો થોડોક જ ઉતર્યો ને અધવચ્ચે અટકી ગયો.

સહુ કુતુહલવશ જોઈ રહ્યાં ! બે-ચાર વડીલોએ કૂવા પાસે જઈ નજર કરી તો કાંઈ ગણગણાટ સાંભળ્યો. બધાએ કાન સરવા કરી એ વાત સાંભળવા પ્રયત્ન કર્યો તો વાત એમ હતી કે - કૂવો ઘડાને કહેતો હતો કે ખબડદાર ! તું મારા પાણીને અડતો નહીં. મારા નિર્મળ જળ તો મારા માટે જ છે. તું તો તારામાં ભરીને મને બહાર ઠાલવી દે છે. તો પછી હું તો ખાલી થઈ જાઉં. માટે મને અડીશ નહીં. કૂવો કહે આટલા બધા મહિનાઓની મહેનત બાદ હું જળ પામ્યો છું. તે તારા માટે નથી, આ જળ મારી સંપત્તિ છે. પાણી એ જ મારી શોભા છે. મારામાંથી એક ટીપું પણ જો તેં ઉપાડ્યું તો તારી વાત છે.

ઘડાએ આ વાત શાંતિથી સાંભળી લીધી પણ પછી ઠાવકાઈથી કહ્યું - કૂવાભાઈ ! તમારી વાત સાચી છે. કે આ જળ છે એ જ તમારી શોભા છે. તમારી સંપત્તિ છે. અમારી આ બાબતે કોઈ ના નથી પણ સાથોસાથ એટલું યાદ રાખજો કે જો તમારું જળ તમે કોઈને આપશો નહીં તો તે પડ્યું પડ્યું ગંધાઈ જશે. અને જ્યાં સુધી એ પાણી બહાર નહીં આવે ત્યાં સુધી પૃથ્વીનું પેટાળ તમને બીજું સારું નિર્મળ પાણી નહીં આપે. પણ જો તું પૃથ્વીએ આપેલું આ પાણી બધાને આપીશ તો ભીતરથી નિત નવા આવરા ફૂટતા રહેશે ને તમે તાજા ને તાજા રહેશો. જેટલું તમે બીજાને આપશો તેનાથી બમણું ભીતરથી ઉમેરાતું જશે.

તમે ના પાડો છો તેથી અમે આગ્રહ તો ન કરી શકીએ પણ અમને દુઃખ થાય છે કે જો તમારા પાણીનો ઉપયોગ નહીં થવા દો તો તમે ગંધાઈ જશો, અવાવરૂ બની જશો. અમારા મનમાં આ બાબતનું ઘણું દુઃખ છે.

ઘડાની આ વાત કૂવાના મનમાં બેઠી અને તેણે ઘડાને પાણી ભરવાની અનુમતિ આપી. ઘડો કૂવામાં ગયો અને પાણી ભરાઈન ઘડો બહાર આવ્યો. સમગ્ર ગામને પાણીની પ્રાપ્તિ થઈ અને સમગ્ર ગ્રામવાસીઓમાં આનંદ આનંદ છવાઈ ગયો.

વ્હાલા મિત્રો ! આ વાત ઉપરથી એ બોધ પ્રાપ્ત થાય છે કે આપણી પાસે જે કાંઈ પણ જ્ઞાન હોય કે જેના દ્વારા સમાજનો ઉત્કર્ષ થઈ શકે એમ હોય તો તેને સમાજમાં વહેંચવું. આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે - ''પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ તે બીજાને ભણાવવી.'' જ્ઞાન જો સુપાત્રને આપવામાં ન આવે તો તે વણવપરાયેલા પાણીની જેમ ગંધાઈ ઉઠે છે. આવો આપણે જ્ઞાનનો ઉપયોગ સમાજના ઉત્થાન માટે કરીએ.

સમાજના સુખ માટે કલ્યાણ માટે સત્સંગ અને ભક્તિનો પ્રચાર કરીએ. જે વ્યક્તિ કે સમાજમાં ઈષ્ટદેવની ભક્તિ-ઉપાસના હશે તે આ લોક અને પરલોકમાં સદા સુખી રહેશે. અને ભગવાનના કૃપાપાત્ર બની રહેશે.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી)**
**"જ્ઞાની કોને કહેવાય ?"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

જે વ્યક્તિ સત્ય અને અસત્યનો ભેદ સંપૂર્ણ રીતે સમજી શકે તેને જ્ઞાની કહેવાય. જેમ દૂધ અને પાણી બન્ને ભેગા હોય તો જોવાથી ઉપરથી ખ્યાલ આવે નહિ. પરંતુ જેમ હંસની અંદર એવો ગુણ છે કે નીર અને ક્ષીરનો વિવેક કરી શકે છે. દૂધ અને પાણી ભેગું આપો તો દૂધ લઈ લે છે. જ્યારે પાણી એકલું રહી જાય છે. તો જેમ હંસ દૂધ અને પાણીને અલગ કરી શકે છે તેમ જ્ઞાની વ્યક્તિ હોય છે તે 'જડ' અને 'ચેતન' એમાં ભેદ કરી શકે છે. 'શરીર' અને 'આત્મા' જોવાથી એક લાગે છે. 'આત્મા' આપણી અંદર છે. આપણે તેને જોઈ શકતા નથી. પરંતુ અનુભવી શકાય છે. બન્નેમાં ભેદ છે 'આત્મા' છે તે 'અવિનાશી' છે 'શરીર' છે તે મૂલ્યવાન છે ? એક કઠોપનિષદની વાત છે. નચિકેતા અને યમરાજની. નચિકેતાના પિતાને એવી પ્રતિજ્ઞા હતી કે મારું સર્વસ્વ છે તેનું દાન કરી દેવું. તો નચિકેતા પોતાના પિતાને કહે છે કે સર્વસ્વમાં તો હું પણ આવી ગયો ! તો પિતાને ક્રોધ આવી ગયો અને પુત્રનું દાન મૃત્યુને કરી દીધું. નચિકેતા ત્રણ દિવસ સુધી યમરાજાના દ્વાર પર ઉભા રહ્યા. યમરાજા પ્રસન્ન થયા અને નચિકેતાને કીધું કે ત્રણ વાર માગો ! તો નચિકેતા માગે છે કે મારા પિતાએ ક્રોધને કારણે મારું દાન કરી દીધું અને હવે ઘણો પસ્તાવો કરે છે તો આપ મારા પિતાનું દુઃખ દૂર કરો. બીજું સ્વર્ગમાં રહેવા માટે યજ્ઞ, દાન, તપ કરવાનું હોય છે તેના વિષે સમજાવો. અને ત્રીજું વરદાન એ માગ્યું કે મૃત્યુ પછી આત્મા હોય છે તો તેનું સ્વરૂપ શું છે તે સમજાવો. તો યમરાજાએ કીધું કે આપને જગતનું સમસ્ત ઐશ્વર્ય બધી વસ્તુ જે જોઈએ તે મારા યોગબળથી હું આપું. પરંતુ આત્મતત્વ વિષે પૂછો નહિ ! તો નચિકેતાને વિચાર આવે છે કે જેના બદલામાં યમરાજા આખા જગતની સંપત્તિ આપવા તૈયાર થયા તો આત્મતત્વ કેટલું મૂલ્યવાન હશે ? તો નચિકેતાએ કીધું કે આ જગતના જે ઐશ્વર્યો છે તે તો મારી ઈન્દ્રિયોના તેજને નષ્ટ કરી દેશે, તો યમરાજા તેમની પર પ્રસન્ન થયા અને આત્મતત્ત્વની વાત કરી.

તો આત્મતત્ત્વ એટલે વ્યાપક પણ છે અને આકાશ કરતા સૂક્ષ્મ પણ છે. બધાની અંદર જુઓ તો આત્મા એક સમાન છે. બધાની અંદર રહેલા આત્માનો સ્વભાવ પણ એકસરખો છે. તો બધાના આત્મા એક સમાન હોય અને સ્વભાવ પણ એક સરખો હોય તો બધાના કાર્યો પણ એકસરખા જ હોવા જોઈએ ને ? પરંતુ આવું હોતું નથી. તો કેમ ? તો આપણે તેને એક સરળ ઉદાહરણ દ્વારા જોઈએ. જેમ કે વીજળી બધે વપરાય છે હીટરને ગરમ કરે છે. અને ફ્રીઝને ઠંડુ કરે છે. બહારથી તો લીલા, પીળા, લાલ અને વાદળી અલગ અલગ રંગના વાયર દેખાય છે. પરંતુ દરેક વાયરમાંથી પાવર પસાર થાય છે તે એક જ સરખો છે. તો જુદું જુદું કેમ ? તો તે તેના મશીન પર આધાર રાખે છે. ફ્રીઝમાં એવું મશીન છે કે ઠંડક કરે છે. અને હીટરમાં એવું મશીન છે જે ગરમ કરે છે. તો આપણે બધા માણસો છીએ તો તેમાં આત્મતત્વ તો એક સમાન છે તો કાર્યો કેમ જુદાં જુદાં થાય છે. તો પૂર્વ કર્મોના આધારે સૂક્ષ્મ શરીર જે વિચારે છે તે પ્રમાણે માણસ કાર્ય કરે છે. જે વ્યક્તિને આત્મતત્વની ઓળખાણ થઈ જાય છે તે વ્યક્તિ સુખ-દુઃખથી પર થઈ જાય છે. સમભાવમાં રહેતા શીખી જાય છે. આ રીતે આત્મતત્ત્વનો જે વ્યક્તિને બોધ થઈ જાય છે તેને પારસમણી મળી ગઈ કહેવાય. દાખલા તરીકે કોઈ પણ વ્યક્તિ કોઈપણ વ્યવસાયમાં જોડાયેલી હોય અને તેને પારસમણી મળી જાય તો તે વ્યવસાયમાં તેને ફાયદો થાય કે નુકશાન જાય તેની અસર થશે નહિ. કેમ કે ? તેની પાસે પારસમણી છે. તો આર્થિક રીતે જે કાંઈ જોઈએ છે તે પ્રાપ્ત થઈ જશે. તેવી રીતે જે વ્યક્તિને આત્મતત્ત્વનો બોધ થઈ જાય છે તેને ગમે તેવી પરિસ્થિતિમાં દુઃખ થતું નથી. કેમ કે, તેને સમજાઈ જાય છે કે જે કાંઈ પ્રારબ્ધ કર્મને અનુસારે સુખદુઃખ આવે છે તે થોડા સમય માટે હોય છે. અને આપણું તો મહારાજે પ્રારબ્ધ સુધારી નાખ્યું છે. તો આત્મતત્ત્વ આપણા શરીરના અંદર સૂર્યપ્રકાશની જેમ છે. જે આસમાનમાં સૂર્યપ્રકાશને આડે વાદળ આવે અને જાય તો સૂરજનું કાંઈપણ બગડતું નથી. સૂર્યનારાયણને કાંઈ ફેર પડતો નથી. તેવી રીતે સુખ દુઃખ આવે છે તે આપણા શરીરમાં આવે છે. આપણને એટલે કે આત્માને કાંઈ થતું નથી. જે તકલીફ થાય છે તે શરીરને થાય છે. માન-સન્માન ટેન્શન જે કાંઈ આવે છે તે પણ થોડા સમય માટે હોય છે. માટે સુખ આવે તો હરખાઈ જવું નહિ અને કોઈ અપમાન કરે તો દુઃખી ન થવું.

કોઈ વ્યક્તિ આપણી સામે આપણું સન્માન કરે અને બહાર જઈને આપણું ખરાબ બોલે આવું બનતું હોય છે. આપણે કોઈ સામાજિક પ્રસંગમાં જઈએ તો જે મોટા માણસ છે તેને ખુરશી આપવામાં આવે આગળ બેસાડવામાં આવે તે સુખ આ જગતનું છે. તે કાયમ માટે રહેશે નહિ. આપણે આત્મામાં રહીને આપણા દોષોને જોઈને શુધ્ધ થઈ જઈશું તો પરમાત્માના ચરણોમાં બેસવા મળશે. અને દુનિયાની કોઈ તાકાત આપણું તે સુખ છીનવી નહિ શકે. એ સુખ થોડા સમયનું નથી કાયમનું છે. તે ખાસ ધ્યાન રાખવાનું છે.

●

## શાંતિ

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

શાંતિ એટલે શું ? માત્ર અવાજની ગેરહાજરીને આપણે શાંતિ કહીશું ? નિરવતાને સાચી શાંતિ ગણી શકાય ? ના શાંતિ તો એ છે જે અંતરના ઉહાપોહ ને બાહ્ય ઉત્પાતને શાંત કરે. કોઈ બે જણના અબોલાને શાંતિ ન કહેવાય. ઘુવડની ચુપકીદીને શાંતિ ન કહેવાય. શિક્ષકની બીકથી વર્ગમાં બેઠેલા વિદ્યાર્થીઓના મૌનને શાંતિ ન કહેવાય. ગુરૂની બીકથી શિષ્ય મૌન રાખે તેને શાંતિ ન કહેવાય. કરફ્યુથી સુમસામ પડેલા રોડને શાંતિ ન કહેવાય.

શાંતિ તો એ છે જે હૃદયને ગાતું કરે. મંદિરમાં બોલાતી શ્રીહરિની ધૂન પ્રાર્થના એને અવાજ હોવા છતાંય શાંતિ કહેવાય. અબોલા તોડાવીને બે જણને બોલતા કરવા એને શાંતિ કહેવાય. શાંતિ કોઈ સ્મશાનની સ્તબ્ધતાં નથી. શાંતિ તો સ્વરની દુનિયામાં લાવાની ક્રાંતિ છે. શાંતિ એ છે જે ચિત્તના ચહેરા પર ક્રાંતિ વધારવા અને અશાંત ચિત્તને સ્વસ્થ કરવાનું ઉત્તમ સાધન એટલે પોતાના ઈષ્ટદેવનું ધ્યાન તથા તેના દિવ્ય માનુષી લીલાઓનું શ્રધ્ધાપૂર્વક ગાન કરવું તથા શ્રવણ કરવું.

એક દિવસ ગઢપુરમાં શ્રીહરિ બિરાજતા હતા. મુક્તમુનિએ પાસે જઈ મહારાજને કહ્યું મહારાજ શાંતિ થાય એવી વાત કરો. એટલે મહારાજે પોતાના પ્રાગટ્યથી આરંભી ગઢપુર પધાર્યા ત્યાં સુધીના ચરિત્રો કહ્યા ને મહારાજ બોલતા બંધ થયા. મુક્તમુનિએ ફરી કહ્યું મહારાજ શાંતિ થાય એવી વાત કરો ? મહારાજે ફરી એજ વાત કરી જે વનવિચરણની વાતો કરી. ફરીને ત્રીજીવાર મુક્તમુનિએ કહ્યું મહારાજ શાંતિ થાય એવી વાત કરો ? ત્યારે શ્રીહરિ નારાજ થયા. અને દાદાખાચરને બોલાવી શિગરામ જોડાવ્યો. અને મુક્તાનંદ સ્વામીને કહ્યું તમને અમદાવાદના હરિભક્તો બોલાવે છે ત્યાં જાઓ. આદેશ અચાનક થયો. સ્વામી કાંઈ સમજી ન શક્યા. મહારાજને પ્રણામ કરી ચાલતા થયા. પરંતુ ગોપાળાનંદ સ્વામીને તથા નિત્યાનંદ સ્વામીને સમાચાર મળ્યા કે મુક્તમુનિને અચાનક મહારાજે અમદાવાદ જવા માટે મોકલ્યા. બંને મહારાજ સમીપે આવ્યા. મહારાજને પૂછ્યું જે મુક્તાનંદ સ્વામીને અચાનક અમદાવાદ કેમ મોકલ્યા ? મહારાજે કહ્યું કે અમારા ચરિત્રો અમોએ બે બે વાર સંભળાવ્યા છતાંય એમને શાંતિ ન થઈ. એટલે અમે એમને અમદાવાદ જવા માટે મોકલ્યા. મહારાજે આજ્ઞા કરી જે શાંતિ જોઈતી હોય તો ગુજરાતમાં જાઓ. ત્યાં કેરીઓ ખાજો એટલે શાંતિ થશે. આમ મહારાજે કહ્યું. એટલે બંને સંતો મુક્તાનંદ સ્વામી પાસે ગયા ને એમને સમજાવ્યા કે ભગવાન શ્રીહરિના ચરિત્રો ગાવાથી અને સાંભળવાથી જ શાંતિ થાય છે. તમે કેમ સમજ્યા નહિ ? એટલે મુક્તાનંદ સ્વામી સમજી ગયા. મહારાજની આજ્ઞાથી પાછા આવ્યા અને મહારાજ આગળ પોતાની ભૂલ કબુલ કરી. પછી મહારાજે મુક્તાનંદ સ્વામીને જીવંત પર્યંત પોતાના ચરિત્રો રચવાની આજ્ઞા કરી. જેનો ઉલ્લેખ વચનામૃત ગઢડા મધ્યના પ્રકરણ-૫૮ માં કહ્યું છે જે, તમે પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણી તથા જે શાસ્ત્ર દેહપર્યંત કર્યા કરજો. ને મુક્તાનંદ સ્વામીએ પણ જીવંત પર્યંત શાસ્ત્રોની રચના કરી. અને પોતાની જાતને ધન્ય બનાવી. શાંતિ એટલે હૃદયનું સ્મિત. શાંતિ એટલે શ્રીહરિની ઈચ્છા. શાંતિ એટલે પ્રેમની માતૃભાષા. શાંતિ તો મૌનની માતા છે.

યુધ્ધ દરમ્યાન વચ્ચે રખાતા યુધ્ધ વિરામને શાંતિ ન ગણાય. શાંતિ તો સમયના બાગની વસંત છે. શાંતિ એતો ધ્વજ નો ફરકાર છે. શાંતિ બાળકના ખિલખિલાટ હાસ્યમાં છે. શિક્ષાપત્રીના પાનાની વચ્ચે પરમ શાંતિ અદ્રશ્ય મોરપીંછ છે. શાંતિ આચરણમાં સમાયેલી છે.

સાચા સંતોનો સમાગમ રાખે અને પંચવિષયના યોગથી છેટો રહે તો જ શાંતિ થાય. ભગવાન સર્વે સુખના રાશિ છે. આ જીવ જેટલો તેને નજીક થાય તેટલી શાંતિ ને સુખ થાય. શાંતિ માટે ભગવાનને વળગી પડવાની વાત છે. ભગવાનની મૂર્તિને વળગી પડે તો જ શાંતિ છે.

શાંતિ માટે ઝંખતા માનવીને સાંસારિક સુખો-વૈભવો ક્યારેય શાંતિ આપી શકતા નથી. હા કદાચ તે સુખો બાહ્ય સુખનો અનુભવ કરાવશે. પરંતુ સાચી શાંતિ તો ન જ આપી શકે. સાચી શાંતિ તો પ્રભુનાં ચરણ ધર્મવંશીના આશરે અને ધર્મકુળ આશ્રિત સંતોના સામિપ્યમાં જ રહેલી છે. તે સામિપ્યને પામવા માટે સદ્ગ્રંથોનું સેવન કરવું જોઈએ.

શાંતિને જાળવવી જોઈએ તેને કેળવવી જોઈએ. શાંતિ એ તો પ્રાર્થનાના પ્રાણ છે. શાંતિ પ્રભુને વહાલી છે. એટલે ભગવાન સ્વામિનારાયણના આદેશો અને ઉદ્દેશોને અનુસરી હમેશાં જેનું જતન કરીએ. અને આપણા હૃદયમાં શાંતિ નહિ પરંતુ પરમ શાંતિ ને આમંત્રીયે. શાંતિ આવી તો શ્રીહરિ આવ્યા. તેથીજ જુઓ અત્યારે આપણને શાંતિ છે. શાંતિ તો ભ્રાંતિને નિવારે છે ને પ્રભુને પુકારે છે.

# સત્સંગ સમાચાર

**પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૧૯૪ મો પાટોત્સવ મહોત્સવ**

વિશ્વના શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સૌ પ્રથમ શ્રીસ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં સર્વોપરી શ્રીહરિએ સ્વયં બાથમાં લઈ પધરાવેલા સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવનો ૧૯૪ મો પાટોત્સવ મહોત્સવ ભવ્યતાથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૭-૩-૧૬ થી તા. ૧૧-૩-૧૬ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ સંપ્રદાયના સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે થઈ હતી. સુંદર યજ્ઞ વિધિમાં પ.ભ. ભગવાનભાઈ નાગરભાઈ આદિ યજમાન પરિવારોએ અલૌકિક લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું.

ફાગણ સુદ-૩ ત્રીજના પાટોત્સવ પ્રસંગમાં દેવનું પૂજન-અર્ચનની સુંદર વિધિ ગોર મહારાજે યજમાન પરિવારને કરાવી હતી.

પ્રાતઃ ૬-૩૦ કલાકે શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના વરદ્ હસ્તે પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવ, શ્રી ધર્મદેવ ભક્તિમાતા હરિકૃષ્ણ મહારાજ અને શ્રી રાધાકૃષ્ણદેવનો ષોડશોપચાર મહાભિષેક વેદ વિધિસર રીતે ભવ્યતાપૂર્વક સંપન્ન થયો. વરસમાં ફક્ત એકજ વાર આવા દર્શનનો યોગ થતો હોવાથી દર્શનાર્થી હરિભક્તોને ક્યાંય પગ મૂકવાની જગ્યા ન હતી.

પ્રસાદીના ભવ્ય અલૌકિક સભા મંડપમાં પ્રાસંગિક સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી બિરાજમાન થયા ત્યારે પાટોત્સવના યજમાન અ.નિ. પૂ. સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, અ.નિ. સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી આદિ સંત મંડળની પ્રેરણાથી ખાખરિયા વિસતપુરા (હાલ અમદાવાદ) અ.નિ. પ.ભ. પટેલ નાગરભાઈ ગોરધનભાઈ, અ.નિ. પટેલ ચંચળબેન નાગરભાઈ અને અ.નિ. પટેલ વસંતાબેનના શુભ સંકલ્પથી તેમના પુત્ર પરિવારે આવો સુંદર લાભ લઈ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંતોમાં સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, કાંકરીયા મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી, મૂળી મહંત સ્વામી શ્યામસુંદરદાસજી, ઉત્તમ સ્વામી (ભુજ), આનંદ સ્વામી (વસ્ત્રાલ), એસ.પી. સ્વામી (ગઢપુર), હરિૐ સ્વામી (નારણપુરા) આદિ વિદ્વાન સંતોએ તથા યજમાન વતી પટેલ વાસુદેવભાઈ લવજીભાઈએ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનું મહિમા માહાત્મ્ય કહ્યું હતું.

છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદમાં નરનારાયણદેવ સાથે એકાત્મકપણું અને નિષ્ઠા રાખવા ઉપર ખાસ અનુરોધ કર્યો હતો.

સુંદર સભાપતિનું સ્થાન સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) તથા શા.સ્વામી સ્વામી નારાયણમુનિદાસજીએ શોભાવ્યું હતું. આ પ્રસંગે દરેક ભક્તોને દર્શન થાય તે માટે એલસીડી દ્વારા સૌને દર્શનનું સુખ મળ્યું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવની અન્નકૂટ આરતી ઉતારીને હજારો ભાવિક ભક્તોને દર્શનનો અલૌકિક લાભ આપ્યો હતો. (શા.સ્વા. નારાયણમુનિદાસ)

**અમદાવાદ મંદિરમાં ઉજવાયો શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ**

આપણા ઈષ્ટદેવ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ના વિશાળ ચોકમાં જ્યાં હાલ છત્રી છે ત્યાં પાંચસો પરમહંસો-હરિભક્તો સાથે ફુલ દોલોત્સવ રંગોત્સવે રમીને બધાને રંગથી એવા રંગેલા કે કોઈ એક બીજાને ઓળખી ન શકે. અદ્‌ભુત લીલા-અલૌકિક લીલા કરેલી. જે પરંપરાગત ફાગણ સુદ-૧૫ તા. ૨૩-૩-૧૬ ના રોજ આજ પ્રસાદીના ચોકમાં શ્રીહરિના ૮ માં વંશજ શ્રી નરનારાયણદેવ ગાદીના ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સુંદર શ્વેત વસ્ત્રો પરિધાન કરીને સૌ પ્રથમ શ્રી નરનારાયણદેવની આરતી ઉતારીને ઓચ્છવ મંડળને ગુલાલથી રંગીને ચોકમાં પધાર્યા હતા. જ્યાં શહેર અને ગામો ગામથી પધારેલા હજારો ભક્તજનો અને સંત સમુદાયને કેસૂડાના રંગથી એવા રંગી દીધા કે દૂજો રંગ ન લાગે. અલૌકિક ફુલદોલ ઉત્સવ ઉજવાયો. આ પ્રસંગે સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શનથી તેમના સંત મંડળ જે.પી. સ્વામી, જે.કે. સ્વામી, મુનિ સ્વામી આદિ સંત મંડળે ખૂબજ સુંદર વ્યવસ્થા કરી હતી. આ અલૌકિક ફુલ દોલોત્સવના યજમાન સ.ગુ. બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજીની પ્રેરણાથી પ.ભ. ઘનશ્યામભાઈ શાહ પરિવારે સુંદર લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમના પર ખૂબજ રાજી થયા હતા. (શા.સ્વા. નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો પંચમ વાર્ષિકોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ આશીર્વાદથી આપણા અદ્વિતીય શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો પંચમ વાર્ષિકોત્સવ ખૂબ ઉમંગ અને ઉલ્લાસ સાથે ભવ્યતાથી ઉજવાયો. ઉત્સવ અગાઉ શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોએ સંયુક્ત સહી કરીને સર્વે

ત્યાગી ગૃહી બાઈ-ભાઈ સર્વેને નિમંત્રણ પત્રિકા પાઠવી હતી. જેથી ખૂબ મોટી સંખ્યામાં સત્સંગ સમાજે આ ઉત્સવનો લાભ લીધો હતો.

આ પ્રસંગે ફાગણ સુદ ત્રીજના દિવસે બપોરે ૨-૩૦ થી ૪-૩૦ કલાક સુધી મ્યુઝિયમના મૌન મંદિરના પાછળના ભાગની વિશાળ જગ્યામાં પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની સાનિધ્યમાં સમૂહ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્ટેજ પર મ્યુઝિયમના શ્રી નરનારાયણદેવને પધરાવીને શ્રી નરનારાયણદેવની સાનિધ્યમાં ૩૦૦ ભક્તજનોએ મહાપૂજાનો દિવ્ય લાભ લીધો હતો.

સાંજના ૫ થી ૭ ગોપી પાર્ટીપ્લોટમાં સભા તથા સહુને ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર ધર્મકુળની સાનિધ્યમાં આ પ્રસંગે ધામોધામથી ૧૫૦ સંતોએ પધારીને સ્ટેજને ખૂબ શોભાવ્યું હતું. દિવ્ય વાતાવરણમાં કીર્તન ભક્તિ સાથે વિદ્વાન બ્રહ્મનિષ્ઠ સંતો-મહંતોએ મ્યુઝિયમ તથા ધર્મકુળના મહિમા સભર પ્રવચન કર્યા હતા.

ઉત્સવના મુખ્ય યજમાન અ.નિ. કાન્તિલાલ મોતીરામ મોદી પરિવારના શ્રી જશવંતભાઈ સહિત અન્ય નાના-મોટા તમામ યજમાનો મહાપૂજાના યજમાનો તથા અમદાવાદ દેશના શિખરબંધ મંદિરો તથા હરિમંદિરો વતી મહાપૂજાના યજમાન અનુક્રમે મહંતશ્રી તથા દરેક કોઠારીશ્રીઓનું ધર્મકુળે સન્માન કર્યું હતું. મ્યુઝિયમ માટે જેઓનું ખૂબ સમર્પણ છે એવા પ.ભ. શ્રી પરસોત્તમભાઈ શેખપરા (દાસભાઈ) તથા પ.ભ. કરશનભાઈ રાઘવાણીનું પ.પૂ. મોટા મહારાજશ્રીએ સ્વહસ્તે ફેંટો બાંધીને પુષ્પ માળા પહેરાવીને સન્માન કર્યું હતું.

પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ બહેનોના વિભાગમાં દર્શન-આશીર્વાદનું દિવ્ય સુખ આપ્યું હતું. શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોએ યજમાનો સહિત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર ઉત્સવનું લક્ષ્ય ચેનલ પર લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યું હતું.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ-બાપુનગર વાર્ષિક પાટોત્સવ સહ નૂતન પ્રવેશદ્વાર ઉદ્‌ઘાટન મહોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ ધર્મકુળના આશીર્વાદ તથા અત્રે મંદિરના મહંત સ.ગુ. સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી મંદિરમાં બિરાજમાન બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો ૧૧ મો વાર્ષિક પાટોત્સવ તથા નેશનલ હાઈવે નં. ૮ તરફના નૂતન મુખ્ય પ્રવેશદ્વાર ઉદ્‌ઘાટન મહોત્સવ તા. ૧૨-૩ થી તા. ૧૬-૩-૧૬ પર્યંત ભવ્યતાથી ઉજવાયો.

ઉત્સવના ભાગરૂપે ઉત્સવ અગાઉ જુદા જુદા યજમાનોના સહયોગથી જે તે વિસ્તારની સોસાયટીઓમાં ૧૧ મોટી સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક સભામાં સરેરાશ ૮૦૦ હરિભક્તોએ ધૂન-કીર્તન તેમજ સંતોની અમૃતવાણીનો દિવ્ય લાભ લીધો હતો. એક પદયાત્રા એપ્રોચ તથા કાંકરિયા મંદિરથી સંયુક્ત રીતે નીકળીને સંતો સહિત ૫૦૦ ઉપરાતં ભક્તજનોએ જેતલપુર પહોંચી બળદેવજી રેવતીજી હરિકૃષ્ણ મહારાજનું દર્શન તેમજ ૧ કલાક સભાનો લાભ લીધો હતો. બીજી પદયાત્રા એપ્રોચ મંદિરથી નીકળી મ્યુઝિયમ પહોંચીને સંતો સહિત ૨૦૦ હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભાશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. રસ્તામાં નારાયણઘાટ મંદિરના દેવોના અભિષેકનું દર્શન કર્યું હતું.

મહોત્સવ અંતર્ગત મંદિરના કોઠારી સ્વામી પૂ.હરિકૃષ્ણદાસજીના વક્તાપદે સંગીતમય શૈલીમાં નિષ્કુળાનંદ સ્વામી વિરચિત હરિબળગીતાની પંચાન્હ પારાયણનું આયોજન થયું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં તા. ૧૩-૩- ના રોજ સમૂહ મહાપૂજાનું આયોજન થયું હતું. તેઓશ્રીના વરદ્ હસ્તે નૂતન ''અવધ ભુવન''નું ઉદ્‌ઘાટન થયું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ મહાપૂજાના યજમાનો તથા ઉપસ્થિત સર્વે ભક્તજનોને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૧૬-૩ ના દિવસે સવારમાં પૂ. સંતોએ શ્રી ઘનશ્યામ મહારાજને પંચામૃત, ફળોનો રસ તથા કેસર જળ વડે અભિષેક કર્યો હતો. પ.પૂ. મહારાજશ્રીએ નૂતન પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન કરી કથા સમાપન તેમજ અન્નકૂટ આરતી પોતાના વરદ્ હસ્તે કરી હતી. સભામાં યજમાનોનું સન્માન કરીને સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે અમદાવાદ (કાલુપુર), જેતલપુર, મુળી, સુરેન્દ્રનગર, ગાંધીનગર સે-૨૩, કાંકરીયા, નારણપુરા, ઈડર, હિંમતનગર, પ્રાંતિજ, મોરબી, ચરાડવા, પેથાપુર, વહેલાલ, સાપાવાડા, વાંકાનેર, રણજીતગઢ, મકનસર, આટકોટ, વણઝર, નિકોલ, મહાદેવનગરથી સંતો પધાર્યા હતા.

પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોના વિભાગમાં દિવ્ય સુખ આપ્યું હતું. બ્લડ ડોનેશન કેમ્પ, રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. મંદિરના કોઠારી પ.ભ. શ્રી રમેશભાઈ ખીચડીયાએ શ્રી નરનારાયણદેવ યુવક મંડળને સાથે રાખીને પ્રેરણારૂપ સેવા કરી હતી.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા પાટોત્સવ મહોત્સવ-શહેર ચોર્યાસી**

શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયામાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ તથા બાલસ્વરૂપ શ્રી કષ્ટભંજનદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. ગુરુપ્રસાદદાસજી તથા સ.ગુ. મહંત શા.સ્વા. આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી ઠાકોરજીનો વાર્ષિક પાટોત્સવ એવં શહેર ચોર્યાસી - કથા પારાયણ ધામધૂમથી ઉજવાયા.

તા. ૭-૩-૧૬ થી તા. ૧૩-૩-૧૬ પર્યન્ત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત શ્રીમદ્ ભક્તચિંતામણી ગ્રંથની સપ્તાહ પારાયણ સ.ગુ.શા.સ્વા ભક્તિનંદનદાસજી (જેતલપુરધામ) તથા સ.ગુ. શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીના વક્તાપદે ધામધૂમથી સંપન્ન થઈ. કથાના યજમાનશ્રીના ઘરેથી ખૂબજ ધામધૂમથી કીર્તન-ભક્તિ ધૂન કરતા વાજતે ગાજતે સંત-હરિભક્તોના વિશાળ સમૂહ સાથે કાંકરિયા મંદિર આવી હતી. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી સભામાં પધાર્યા હતા. સેવા કરનાર યજમાનોનું સન્માન કરી સભામાં રૂડા આશીર્વાદમાં ભગવાન શ્રીહરિએ કરેલ શહેર ચોર્યાસી અત્રે આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજે પ્રસ્થાપિત કરેલ બાલ સ્વરૂપ કષ્ટભંજનદેવ આદિનો મહિમા કહી ખૂબજ રાજી થયા હતા. ત્યારબાદ ઠાકોરજીની આરતી ઉતારી હતી.

બહેનોને દર્શન આપવા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારી કથા શ્રવણ કરી, દેવના દર્શન કરી બહેનોને આશીર્વાદ આપ્યા હતા.

પૂજારી સ્વામી દેવ સ્વામી ઠાકોરજીને રોજે રોજ અવનવા સુંદર વાઘા ધરાવી દર્શન કરાવતા હતા. સમૂહ મહાપૂજામાં ઘણા ભક્તોએ સજોડે લાભ લીધો હતો.

રસોડાની સેવામાં કે.પી. સ્વામી, ભાનુ સ્વામી નરોતમ ભગત અને નીરૂભાઈ ઠાકરે પ્રેરણાત્મક સેવા કરી હતી.

શહેર ચોર્યાસીના શુભ દિને ધામોધામથી પધારેલા સંતોએ હજારો ભૂદેવોએ ભાવ અને પ્રેમથી પ્રસાદ ગ્રહણ કરી દક્ષિણા ભેટ સ્વીકારી હતી. શ્રી નરનારાયણદેવ યુવક અને મહિલા મંડળ અને વડીલ હરિભક્તોની સુંદર સેવા રહી હતી.

આખો દિવસ પ્રસાદની વ્યવસ્થા ચાલુ રાખી હતી. કથામાં રાત્રે કથા શ્રવણ બાદ સૌને નાસ્તો-પ્રસાદની પણ યજમાનશ્રી તરફથી વ્યવસ્થા કરવામાં આવી હતી. કાંકરિયા મંદિર પાટોત્સવના ઉપલક્ષમાં કાંકરિયા મંદિરથી જેતલપુર ધામ પદયાત્રામાં કાંકરિયા, બાપુનગર, અંજલી, આદિથી સંત-હરિભક્તો જોડાયા હતા. જેતલપુર દેવના દર્શન કરી સુંદર સત્સંગ સભા બાદ જેતલપુર મંદિર તરફથી સૌને પ્રસાદ રસોઈ જમાડવામાં આવેલ.

(જીજ્ઞેશભાઈ - શ્રીનરનારાયણદેવ યુવક મંડળ કાંકરિયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાણપુરામાં લઘુરૂદ્રયાગ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને નારાયણપુરા મંદિરના મહંત સ્વામીના માર્ગદર્શનથી મહાવદ-૧૩ મહા શિવરાત્રીના રોજ લઘુરૂદ્ર યાગનું સુંદર આયોજન પ.ભ. મહેન્દ્રભાઈ ભાઈલાલભાઈ પટેલ પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું. સહ યજમાન પ.ભ. રશેષભાઈ અને જીજ્ઞેશભાઈ રહ્યા હતા.

સુંદર વિધિવત રીતે યજ્ઞનું કાર્ય થયું હતું. યજ્ઞ સમાપનમાં શા. માધવ સ્વામી, મહંત સ્વામી આદિ સંતો ટ્રસ્ટીશ્રી પ.ભ. દશરથભાઈ, ઘનશ્યામભાઈ (કુવા), રમેશભાઈ દુધવાળા, રાજુભાઈ આદિ હરિભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં. છેલ્લા ચાર વર્ષથી દર વર્ષે મહાદેવજીની પ્રસન્નાર્થે આવા સુંદર યજ્ઞની પ્રવૃત્તિ થાય છે. (કોઠારી મયુર ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયા ૯ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી તા. ૨૦-૩-૧૬ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયામાં બિરાજમાન ઠાકોરજીનો ૯ મો પાટોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચાર અભિષેક કરીને વિધિવત રીતે સંપન્ન થયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં રાત્રીય કથામાં શા.સ્વા. હરિૐપ્રકાશદાસજી તથા શા. ચૈતન્ય સ્વામી અને શા. કૂંજવિહારી સ્વામીએ કથામૃતનું રસપાન કરાવ્યું હતું.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ પોતાની અમૃતવાણીમાં સૌને ભજનનો હિસાબ રાખવો. તેમજ શ્રી નરનારાયણદેવ અને શ્રી લક્ષ્મીનારાયણદેવનો દ્રઢ આશરો મૂકીને અન્ય જગ્યાએ માથું નમાવ્યું તો આપણું કલ્યાણ બગડી જાય. એવા રૂડા આશીર્વાદ આપીને ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને અલૌકિક દર્શનનો લાભ આપ્યો હતો. અમદાવાદ, છપૈયા, ઈડર, કલોલ, ગાંધીનગર, બાપુનગર, સોકલી આદિ ધામના સંતોએ પણ સુંદર ઉદ્‌બોધન કર્યું હતું.

પાટોત્સવના યજમાન પ.ભ. અરવિંદભાઈ સોમાભાઈ પટેલ (મોખાસણ હાલ અમેરિકા) પરિવારે પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

આ પ્રસંગમાં કોઠારીશ્રી, સમસ્ત હરિભક્તો અને યુવક મંડળે પ્રેરણાત્મક સેવા બજાવી હતી.

(ચેતન પટેલ - શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક શ્રીમદ્ ભાગવત પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર, જીવરાજપાર્ક ખાતે તા. ૬-૩-૧૬ થી તા. ૧૨-૩-૧૬ પર્યન્ત પ.ભ. ડાહીબા નરસિંહભાઈ પટેલના શુભ સંકલ્પથી અ.નિ. નરસિંહભાઈ પટેલ તથા સુપુત્ર અ.નિ. દેવેન્દ્રભાઈના સ્મરણાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે થઈ હતી. કથા દરમ્યાન આવતા ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા હતા. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પધારીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે કાલુપુર મંદિરના પૂ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, નારણઘાટ મંદિરથી પૂ. દેવ સ્વામી, ગાંધીનગર મંદિરથી શા. પી.પી. સ્વામી આદિ સંતોએ પધારી આશીર્વાદ આપ્યા હતા.

સમગ્ર આયોજન શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કર્યું હતું. સભા સંચાલન ભરતભાઈ ઠક્કરે કર્યું હતું.

(કોઠારીશ્રી, જીવરાજ પાર્ક મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ**

શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળના રૂડા આશીર્વાદ સહ

રાજીપાથી અત્રે સત્સંગની સુંદર પ્રવૃતિ થાય છે.

સંતોના માર્ગદર્શનથી યુવા વર્ગ અને બાળકોમાં સત્સંગની વિશેષ જાગૃતિ આવી છે. દર બુધવારે શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સભા થાય છે. જેમાં ધૂન, કીર્તન અને શિક્ષાપત્રી અને વચનામૃત (૨૭૩) ઉપર વિશેષ જ્ઞાન અપાય છે.

ફેબ્રુઆરી માસમાં રવિ સભામાં આપણા સંપ્રદાયના મૂળભૂત સિધ્ધાંત, 'એકાંતિક ભક્ત'ના ચાર લક્ષણો જેવા કે, ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય વિશે ઉંડી સમજણ યુવાનોને આપવામાં આવી હતી. કોઠારીશ્રી દ્વારા તમામ યુવાનોને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા. આમ અત્રે ધર્મવંશીની કૃપાથી સત્સંગની સુંદર પ્રવૃત્તિ થાય છે અને મોટી સંખ્યામાં હરિભક્તો લાભ લેશે. (કોઠારીશ્રી બોપલ)

**દિયોદર (બનાસકાંઠા) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી એવં સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી તથા દિયોદર અને આજુ બાજુના ગામના ભાવિક ભક્તોના તન, મન અને ધનના સુંદર સહયોગથી બનાસકાંઠામાં દ્વિતીય મંદિરનુ નિર્માણ થયું.

મૂર્તિ પ્રતિષ્ઠા મહામહોત્સવના ઉપલક્ષમાં તા. ૨-૩-૧૬ થી તા. ૬-૩-૧૬ પર્યન્ત વિવિધ ધાર્મિક કાર્યક્રમો ભવ્યતાથી ઉજવાયા.

સંપ્રદાયનું મહાન શાસ્ત્ર શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) ના શ્રીમુખે સૌને કથામૃતનું અલૌકિક સુંદર રસપાન કરાવ્યું હતું.

મંદિર નિર્માણ કાર્ય તથા મહોત્સવમાં સમસ્ત ગામની અતિ સુંદર સેવા મળી હતી. વિશેષ પ.ભ. દિલીપભાઈ ધાનાણી (રંગોલી પરિવાર)ની સેવા હતી.

મહોત્સવ દરમ્યાન પોથીયાત્રા, શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, પ્રતિષ્ઠા, યજ્ઞ, ઠાકોરજીની નગર યાત્રા અનેક વિધ મેડીકલ કેમ્પ, રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ ઘણા પ્રસંગો વિવિદ્યતા સભર ઉજવાયા.

ઉત્સવ દરમ્યાન પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને અત્રેનો સત્સંગ જોઈ ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૬-૩-૧૬ ના પૂર્ણાહુતિના દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને ખૂબજ રાજી થઈ આશીર્વાદમાં સૌને નિત્ય મંદિરનો લાભ લેશો તો શ્રીજી મહારાજ આપ સૌને સર્વ પ્રકારે સુખીયા કરશે તેવા રૂડા આશીર્વાદ આપ્યા હતા.

મંદિર નિર્માણ કાર્યમાં પૂ. દેવસ્વામી (મહંતશ્રી, નારાયણઘાટ), પ.ભ. શ્રી સતીષભાઈ એન્જીનીયર (જીવરાજપાર્ક) આદિ સંત-હરિભક્તોનો સુંદર સહયોગ સાંપડ્યો હતો.

મહોત્સવ દરમ્યાન નવે નવ ધામોથી સંતો પધાર્યા હતા. જેમાં ગાંધીનગર મહંતશ્રી શા.પી.પી. સ્વામી, વડનગરથી શા.સ્વા. નારાયણવલ્લભદાસજી, બ્ર. પૂજારી સ્વામી રાજેશ્વરાનંદજી, જે.પી. સ્વામી (ભંડારી), કોઠારી શ્રી જે.કે. સ્વામી, નાથદ્વારા મહંતશ્રી આદિ અનેક સંતો મહંતો પધાર્યા હતા અને આશીર્વાદ પાઠવ્યા હતા.

સમગ્ર મહોત્સવમાં પૂ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, પૂ. દેવ સ્વામી, શા. વિશ્વવિહારી સ્વામી, નિલકંઠ સ્વામી, શા. કૂંજવિહારીદાસજી, હરિપ્રિય સ્વામી, નટુ સ્વામી, શા. દિવ્યપ્રકાશ સ્વામી, રાજેન્દ્ર સ્વામી આદિ સંતોએ પાંચેય દિવસ રહી પ્રસંગને શોભાવ્યો હતો.

ભાભર, થરાદ આદિ ગામોના હરિભક્તો અને અત્રેનું શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, આદિની સેવા પ્રેરણારૂપ હતી.

અહીંના સત્સંગને નવ પલ્લવિત રાખવા પૂ. મહંત સ્વામીના આગ્રહથી યુવા સંતોએ ૬ માસ માસિક સભામાં સત્સંગ સભાનો લાભ આપવાનું વચન આપ્યું હતું. સમગ્ર આયોજન એટલે કે મંદિરના પાયાથી લઈ મંદિર નિર્માણ અને મૂર્તિ પ્રતિષ્ઠા સુધીની જેમના શિરે જવાબદારી સ્વીકારી હતી તેવા નાના સંત સ.ગુ. શા. નારાયણમુનિદાસજી (કોઠારીશ્રી કાલુપુર મંદિર) પર સમગ્ર ધર્મકુળ અને વડીલ સંતો ખૂબજ રાજી થયા હતા. મૂર્તિ તથા સિંહાસનના મુખ્ય યજમાન અ.નિ. પ.ભ. કાનજીભાઈ ભીમજી રાધવાણી તથા પ.ભ. લક્ષ્મણભાઈ ભીમજી રાધવાણી પરિવાર હ. રાધવાણી કરશનભાઈ સહ યજમાન પ્રેમજીભાઈ કેશરા રાધવાણી (બળદીયા-કચ્છ)

